


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે
માર્ચ ૨૦૨૦ * વર્ષ ૩૪ * અંક ૧૨



મારાપણું મૂકી દઈ ભક્તોના થઈએ દાસ, ગમતું તારું ગમાડતાં મહિમા તેનો સમજાય,
તો જાણપણે તારી લીલામાં આનંદ કરાય, સ્વભાવ રહિત થઈ દિવ્ય જીવન જિવાય;
રુચિ રાખી આવું કરવા માગું તારો સાથ, એવું પ્રભુ કરાવી દે તું સ્હેજે સ્હેજે થાય,
સર્વસ્વ મારું જે માન્યું તે તું સ્વીકારી લે, નિષ્કામ બનાવી નિરાકાર કરી દે.

પ્રાદુર્ભાવ મંગલ દિન ધુળેટી મહાપર્વે
સંતભગવંત સાહેબજીને અનંત કોટિ વંદન સહ ગદ્‌ગદ હૃદયે પ્રાર્થના !


બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને પ્રાગટ્યમંગલે
ભક્તિસભર હૃદયે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ !

# પ્રાગટ્ય મંગલે શા અર્ઘ્ય અર્પણ કરીશું ?

ફાગણના શુક્લ પક્ષની પૂર્ણિમા-હોળી ઉત્સવે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્યમંગલનો ૧૯૨મો મહોત્સવ !

ગઢડા પ્રથમ પ્રકરણના ૪૪મા વચનામૃતમાં શ્રીજી મહારાજે એવા "સાધુ"નાં સ્વરૂપ ઓળખાવ્યાં છે, જે સ્વયં શ્રી પુરુષોત્તમનારાયણ સ્વરૂપ છે !

પોતાના દેહને પોતાનું મૂળ રૂપ ન માને, પોતાના બ્રહ્મરૂપ આત્માને પોતાનું સ્વરૂપ માને, વર્ણાશ્રમ વિશે કોઈ માન ન પાળે, દેહ અને દેહનાં સંબંધીને વિશે અહમ્-મમત્વને ત્યાગે, સર્વ વાસના છોડી અખંડ સ્વધર્મે યુક્ત ભગવાનને ભજે તે "સાધુ" !

શ્રીજી મહારાજે આ વચનામૃતમાં ઉદ્‌ઘોષ કર્યો કે, 'આવો સાધુ તો હું છું !' જેનાં તાત્પર્ય એ છે કે, ઉપરોક્ત પાંચ લક્ષણે યુક્ત અક્ષરાત્મા તે ગમે તે દેહમાં વિચરતા હોય, સામાજિક દૃષ્ટિએ કોઈ પણ વર્ણમાં જન્મ્યા કે આશ્રમમાં સ્થિર થયા હોય, તેવા દિવ્ય અક્ષર આત્મા સ્વયં શ્રી પુરુષોત્તમરૂપ છે, પ્રભુના સાકાર, દિવ્ય, પ્રગટ સ્વરૂપ છે !

શ્રી પ્રાગજી ભક્ત એવા "સાધુ" હતા !

તેઓના જીવનપ્રસંગોનાં દર્શન તેઓની આવી સાધુતાનાં દર્શન કરાવે છે. ગુરુદેવ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના વચને પોતાના દેહથી પોતાના સ્વરૂપને નોખું માન્યું ને અસામાન્ય સેવામાં હોમી દીધું. પોતાના અક્ષરાત્માને ઓળખી, વર્ણ કે આશ્રમના માન કે ગ્લાનિ ન પાળ્યા, દેહ પ્રત્યે અને તેની સાથે જોડાયેલા સંબંધીને વિશે સમ્યક અનાસક્ત ભાવ કેળવ્યો, સર્વ પ્રકારની કામનાઓના ત્યાગ કરી કેવળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનાં વચનને તથા ઉપદેશને પોતાના જીવન સ્વધર્મ બનાવી તેને અનુસર્યા, તો પ્રભુને પામ્યા; સહજ પ્રભુસ્વરૂપે પ્રગટ રહ્યા !

આ સર્વ અધ્યાત્મયાત્રાના મૂળમાં ચાર વાતો મુખ્ય રહી જેણે દરજી પ્રાગજીમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને પ્રગટાવ્યા ! આ ચાર વાતો હતી : એક, શ્રી ગોપાળાનંદ સ્વામી અને શ્રી ગુણાતીતાનંદ સ્વામી જેવા દિવ્ય સાધુમાં જીવની પ્રીતિ. બીજું, આવા સાધુની આજ્ઞાનાં સારધાર પાલન. ત્રીજું, સર્વ હરિભક્તો જ માત્ર નહિ, પરંતુ, સર્વ જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે સુહૃદભાવે યુક્ત નિર્દોષબુદ્ધિ. અને ચોથું, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોમાં દૃઢ શ્રદ્ધા અને તેનાં પ્રામાણિક આચરણ !

સંતભગવંત સાહેબદાદાએ અમૃતપર્વના દિવ્ય અવસરે ચાર વર્ષ આપણને સૌને આ ચારેય વાતોનાં મનન-ચિંતન કરાવી ઘુંટાવી છે. એના નિદિધ્યાસની આવશ્યકતા છે !

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના તથા સંતભગવંત સાહેબદાદાના પ્રાગટ્યમંગલે એ અમૃતરૂપી ચાર વાતોનાં મનન-ચિંતન ફરી તાજાં કરીએ અને તેના નિદિધ્યાસ – નિત્ય અધ્યાસ, આચરણ પ્રત્યે સમ્યક જાગ્રતતા કેળવીએ તે પ્રાગટ્યમંગલે આ દિવ્ય સત્પુરુષોને આપણા ભાવભર્યા અર્ઘ્ય હશે ! ◆

~ સાધુ મનોજ સોની





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ-૩૭ : 'દેશવાસનાનું, અગિયાર પદવીનું'નું નિરૂપણ,**

**૪, માર્ચ ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રી** અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટેનું ને પ્રત્યક્ષ અને પ્રગટ પ્રભુને માનવામાં ૧૧ ઈલકાબ પ્રાપ્ત થાય છે તેનું આ 'વચનામૃત' છે.

**શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જે અણસમજુ હોય ને તેણે ભેખ લીધો હોય તો પણ તેને જ્યાં જ્યાં પોતાની જન્મભૂમિ હોય તેને વિષે હેત ટળતું નથી.' એમ કહીને પછી પોતાના સાથળને વિષે નાનપણામાં ઝાડનો ખાંપો લાગ્યો હતો તે સર્વને દેખાડ્યો ને બોલ્યા જે, 'આ ચિહ્નને જ્યારે અમે દેખીએ છીએ ત્યારે તે ઝાડ ને તલાવડી સાંભરી આવે છે. માટે જન્મભૂમિ તથા પોતાનાં સગાંસંબંધી તેને અંતરમાંથી વિસારી દેવાં તે ઘણું કઠણ છે. માટે જેને જેને જન્મભૂમિ તથા દેહનાં સંબંધી તે ન સાંભરતાં હોય તે બોલો અને જે લાજે કરીને ન બોલે તેને શ્રી નરનારાયણના સમ છે.' પછી સર્વે મુનિ જેમ જેને વર્તતું હતું તેમ બોલ્યા...**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુને દીક્ષા આપે તેને નિયમો હોય. મહારાજે સંતોને કડક નિયમો આપેલા. એ બધા નિયમો જીવની રક્ષા માટે આપેલા. દીક્ષા લીધા પછી નામ બદલી નાખે. જે સાધુ થયો હોય એને પોતાના ગામનું ઝાડવું દેખાય ત્યાં સુધી જવાનું નહિ, સીમમાં પણ નહીં જવાનું. પોતાના ગામનું નામ નહીં બોલવાનું, પોતાનાં સગાંસંબંધીને મળવાનું નહીં ને વાત પણ નહીં કરવાની. શાથી ? તો હેત ઉભરાઈ આવે. ગામનું ઝાડ જુએ તો થાય અહોહો મારા ગામનું ઝાડ ! મારું ગામ ! એની બધી સ્મૃતિ થઈ આવે, સગાંસંબંધી સાંભરી આવે. એવાને શું કહ્યું મહારાજે ? કઈ શુદ્ધ સમજણ ? તો સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ નથી થઈ ત્યાં સુધીની બધી જ સમજણ અણસમજણ જ ગણાય, લખી રાખો !

દેહ ને દેહનાં સગાંસંબંધીને વિષે જેમ નૅચરલ હેત છે, એમ જે ધરતીમાં પ્રગટ થયા એ ધરતી માટે નૅચરલ પ્રેમ હોય છે, જે વાસના છે. અને એ વાસનાને લીધે જન્મ-મરણના ચકરાવામાં જીવ ફર્યા કરે છે. ત્રણ પ્રકારની જે વાસના-લોકેષણા, વિત્તેષણા અને કુટુંબની વાસના-પુત્રેષણા; આ ત્રણ વાસનાને લઈને જીવ જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે. એ વાસના જ્યાં સુધી ના બળે ત્યાં સુધી ચૈતન્યનો મોક્ષ થતો નથી. અને વાસના તો બળે, જો જીવને ભગવાનધારક સાધુને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થાય. પણ એ કેવા સંતને વિશે ? તો ગુણાતીતભાવને પામેલા સાધુ કે, જેમણે ભગવાનને ઓળખ્યા છે, ભગવાનના અભિપ્રાયને જાણે છે, ભગવાનની રુચિ પ્રમાણે જીવે છે અને મને-તમને-સૌને ભગવાનમાં જોડી કલ્યાણને માર્ગે ચલાવે છે; એવા જે સાધુ-એમને વિશે જ્યારે જીવને આત્મબુદ્ધિ અને પ્રીતિ થાય, જીવથી પ્રેમ થાય તો જીવમાં રહેલો જે કારણદેહ-કૉઝ બૉડી-જન્મ-મરણનો ચકરાવો લેવડાવે છે એવી જે વાસના, એ બળીને ભસ્મીભૂત થઈ જાય છે. એ સમજુ કહેવાય, એવાને વાંધો નહીં, પણ અણસમજુ માણસો માટે સ્વામિનારાયણ ભગવાને આ કહ્યું.

આપણે છપૈયા જઈએ ત્યારે કાયમ 'મોક્ષ પીપળો', 'ખાંપા તલાવડી', 'જાંબુડો', 'મીન સરોવર', 'ત્રિકોણિયું ખેતર', 'ધર્મદેવ-ભક્તિમાતાની સમાધિ', 'નારાયણ સરોવર', 'કલ્યાણ સાગર'; મહારાજની પ્રસાદીની આ બધી જગ્યાઓનાં દર્શન કરવા જઈએ છીએ.

'ખાંપા તલાવડી' ત્યાં છપૈયાની બાજુમાં જ છે. મહારાજ ત્યાં આમલી-પીપળી રમતાં રમતાં ઝાડ પર ચઢ્યા હતા ને પડ્યા. ખાંપો એટલે ઠૂંઠું તે તેમને જાંઘમાં વાગ્યું. એટલે અશ્વિનીકુમાર વૈદ્યે આવીને મહારાજને પાટાપિંડી કરી, પણ એનું ચિહ્ન રહી ગયું. એટલે સ્વામિનારાયણ ભગવાન કહે, 'અમે જ્યારે નહાવા બેસીએ અને આ જોઈએ તો અમને છપૈયાની ખાંપા તલાવડી યાદ આવે.'

આવું તો યાદ આવે, પણ એમાં ગુલતાન ના થઈ જવાય કે, ઓહોહો કેવું સરસ છપૈયા હતું ! અને અહીં આવીને ક્યાં ભરવાઈ પડ્યા ? એવું થાય એ વાસના કહેવાય. સ્મૃતિ થાય, પણ એ સ્મૃતિ તમને હલબલાટ ના કરાવે, તમારી સાધનામાં ડિસ્ટર્બન્સ ના લાવે, તમને સમતામાંથી ડગાવે નહીં; તો એવી સ્મૃતિ એ વાસના નથી. વાસના તો તમે ભાન ભૂલી જાવ, બધું છૂટી જાય એ વાસના ! ભગવાનની વાસના થઈ ગઈ હોય એટલે કે, ભગવાનને રાજી કરવાની જેને અંદરથી જીવમાં લગની લાગી હોય એ વાસના. જેને સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ હોય, એટલે 'કેમ કરીને મારા ગુરુને અને મારા ઈષ્ટદેવને રાજી કરું' એવી જેને વાસના થઈ હોય એને પછી સ્મૃતિ થાય, પણ તેનાથી ડિસ્ટર્બન્સ ના આવે, ભગવાનના માર્ગેથી ચલિત ના કરી શકે; તે સમજણયુક્ત ભક્તિ થઈ. પણ, સ્વામિનારાયણ ભગવાને શબ્દ વાપર્યો છે, 'અણસમજુ' હોય એને આ બધું યાદ આવે ને એના ભાવમાં ડૂબી જાય.

**પછી તે સાંભળીને શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જ્યારે પોતાને આત્મારૂપે માનીએ ત્યારે તે આત્માની જન્મભૂમિ કેઈ ? ને તે આત્માનું સગું કોણ ? ને તે આત્માની જાત પણ કેઈ ? અને જો સગપણ લેવું હોય તો પૂર્વે ચોરાશી લાખ જાતના દેહ ધર્યા છે તે સર્વનું સગપણ સરખું જાણવું.**

મહારાજ હવે બતાવે છે કે, પોતાને આત્મારૂપે માનીએ એટલે સત્પુરુષ મારો આત્મા છે. સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ ગઈ હોય તો આ બધાં જે સગપણ છે, 'મારું ગામ', 'મારાં સગાંવહાલાં' એ બધાં કોનાં છે ? તો તે દેહનાં સગાસંબંધી છે. આત્મા તો દેહથી નોખો છે. આત્માનું સગું કોણ ? સત્પુરુષ અને ભગવાનના ભક્તો ! તો આત્માની દૃષ્ટિએ જોઈએ અને એનાં સગાંવહાલાં ચોરાશી લાખ જનમમાં ફરતાં ફરતાં એ બધાંય સગાં જ ગણવાં-ગણવા જાય તો; પણ અજ્ઞાને કરીને એ નથી ગણતા. અત્યારે કોઈને યાદ નથી કે, ગયા જનમમાં આપણે કોણ હતા ? આપણાં સગાંવહાલાં કોણ હતાં ? આપણે કયા ગામમાં જન્મ્યા હતા ? કઈ આપણી જન્મભૂમિ હતી ? કયો આપણો દેશ હતો ? તેની કશી આપણને ખબર નથી એટલે ભૂલી ગયા છીએ એટલે આપણી સ્મૃતિમાં નથી આવતું. એમ આ જનમમાં જે દેહનાં સગપણ છે, એ ગયા જનમ જેવાં થઈ જાય. તે ક્યારે થઈ જાય? તો સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થાય તો. સત્પુરુષનાં સગાંસંબંધી એ જ આપણાં સાચાં સગાં.

જેમ સ્ત્રી પરણે તે પહેલાં એના હસબન્ડનાં જે માબાપ હોય-સગાંવહાલાં હોય તેમને રોજ જોતી હોય, પણ એમને પપ્પા-મમ્મી કહે નહીં. પણ પરણે પછી હસબન્ડનાં માબાપ, સગાંવહાલાં તરત એનાં પપ્પા-મમ્મી થઈ જાય, કાકા-કાકી થઈ જાય, મામા-મામી થઈ જાય. એ સ્ત્રીનાં પોતાનાં સગાં મામા-મામી, કાકા-કાકી, પપ્પા-મમ્મી બધાં હોય, પણ હવે એના હસબન્ડનાં સગાંવહાલાં હોય એને પણ એ જ રીતે બોલાવે. પોતાના હસબન્ડમાં જેમ જેમ ઓતપ્રોત થાય તેમ તેમ એના હસબન્ડનાં સગાંવહાલાંમાં પણ ઓતપ્રોત થાય તો પિયરવાળાં આપોઆપ ભૂલાતાં જાય. પોતાનાં પિયરનાં સગાંવહાલાં છે, નથી એમ નહીં, પણ એમની સાથેના સંબંધ ઓછા થઈ જાય.

કોઈ નવી વહુ સાસરે આવી હોય તો એને પિયરિયું બહુ યાદ આવે. કારણ કે, અહીંયાં બધાં કામ કરવા પડતાં હોય. વાસણ ઘસવાં પડતાં હોય, રસોઈ કરવી પડતી હોય, નણંદના ઘોંચપરોણા હોય, સાસુની કચકચ હોય, ધણીનો રૂઆબ હોય. જ્યારે પોતાના ઘરે તો મા-બાપે

આત્માનું સગું કોણ ?
સત્પુરુષ અને ભગવાનના ભક્તો !
સત્પુરુષનાં સગાંસંબંધી એ જ
આપણાં સાચાં સગાં.





**સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય પછી
એમને રાજી કરવા કરેલું કર્મ જ ભક્તિ થાય, યાદ રાખો !
નહીં તો ક્રિયાકાંડ થઈ ગયું.
તે સંસ્કાર પાડશે, પણ આત્માને બળ નહીં આપે.**

લાડકોડમાં ઉછેર્યાં હોય, બહેન-બહેન કહીને કોઈએ ખસ પણ ના કહ્યું હોય, અને અહીં વહુ તરીકે આવે એટલે એને હેરાન કરી નાખે. એમાં એને જો કોઈ પિયરિયું મળે તો બધું સાંભરી આવે ને રડે. એટલે ગુજરાતીમાં કહેવત પડી કે, 'રડતી હતી ને પિયરિયાં મળ્યાં.' પણ ધીમે ધીમે ટેવાતી જાય. પહેલાં એક આણું, બે આણાં એટલે કે પિયરમાં એક વખત લઈ જાય, બે વખત લઈ જાય, પણ પછી તો આણાં જ ભુલાઈ જાય, પિયરની અવરજવર બંધ થઈ જાય. પછી તો પિયરિયાંવાળાં બોલાવે તો કહે, 'મારે તો બહુ કામ છે, આમ છે ને તેમ છે.' બધું જ છે, પણ સાસરાવાળાં સાથે એકરૂપ થઈ તો પેલું ભુલાઈ ગયું.

જેમ ગયા જન્મનાં બધાં સગાંસંબંધી, દેશવાસના બધું અજ્ઞાને કરીને છૂટી ગયું છે, કારણ કે ખબર જ નથી. એમ, આ જનમમાં ભગવાન અને સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ, તો એના સંબંધવાળા સંતો-ભક્તો સાચાં સગાં મનાયાં, તો દેહનાં બધાં સાચાં સગાંસ્નેહીઓ છૂટી જશે. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ 'વાત'માં કહ્યું, 'દેહ અને દેહનાં સગાંસંબંધીને વિશે જેવી આત્મબુદ્ધિ અને પ્રીતિ છે, તેવી આત્મબુદ્ધિ અને પ્રીતિ ભગવાન અને ભગવાનના ભક્તોને વિશે જો થશે તો દેહ અને દેહનાં સગાંસંબંધીને વિશેની આત્મબુદ્ધિ ને પ્રીતિ છૂટી જશે.' છોડવી નહીં પડે, યાદ રાખો !

આપણે કંઈક છોડીએ તો છોડ્યાનો અહંકાર હોય. ઘણા ત્યાગીઓને અહંકાર હોય કે, 'હમને સંસાર છોડ દિયા હૈ.' પણ આપણા વ્રતધારી સંતોને પૂછશો તો કહેશે કે, 'અમે સંસાર છોડ્યો નથી, છૂટી ગયો છે. અમારે સાધુ થવું નહોતું, અમારે ભગવાન ભજવા નહોતા, પણ યોગીબાપા જેવા દિવ્ય પુરુષે દૃષ્ટિ કરી અને એમના વિશે આત્મબુદ્ધિ અને પ્રીતિ થઈ તો બધું છૂટતું ગયું, છોડવું નથી પડ્યું.' તો ભગવાન અને ભગવાનના ભક્તોમાં જેટલી આત્મબુદ્ધિ અને પ્રીતિ વધશે, એટલી દેહનાં સગાંસંબંધીને વિશેની આત્મબુદ્ધિ અને પ્રીતિ અંદરથી છૂટશે, યાદ રાખો ! બહાર બધાં સગાંવહાલાં મળવા આવે, વાતચીત થાય, પણ આપણને ભગવાનના માર્ગે ચાલવામાં એ ચલિત ના કરી શકે, લાગણીમાં ખેંચી ના શકે. એમના દુ:ખમાં, એમની તકલીફોમાં ભજન-પ્રાર્થના થાય, પણ એનાથી ચલિત ના થઈએ; એ છૂટી ગયું ! એટલે આત્માની દૃષ્ટિએ જોઈએ, સત્પુરુષની દૃષ્ટિએ જોઈએ તો આ બધું વીસરી જાય.

**અને તે સગાંનું કલ્યાણ ઇચ્છવું તો સર્વનું ઇચ્છવું. અને આ મનુષ્ય દેહમાં ત્યારે ચોરાશી લાખ જાતનાં જે માબાપ તે અજ્ઞાને કરીને વીસર્યાં છે, તેમ આ મનુષ્ય શરીરનાં જે માબાપ છે તેમને જ્ઞાને કરીને વિસારી દેવાં.**

અજ્ઞાને કરીને ગયા જનમનું કશું ખબર નથી એટલે વિસરી ગયાં છે, એમ આ જન્મે જ્ઞાને કરીને સત્પુરુષ મારો આત્મા મનાય, પોતાના ઈષ્ટદેવ ભગવાન મનાય, એમનાં સંબંધવાળાં સદાય સાચાં સગાં છે એવી જ્યારે જીવથી સમજણ આવે તો પછી આ બધું વીસરી જાય, છૂટી જશે, છોડવું નહીં પડે.

**અને અમારે તો કોઈ સગાંસંબંધી સાથે હેત નથી. તથા અમારી સેવા કરતા હોય ને તેના હૃદયમાં જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો તે ઉપર હેત કરીએ તોય પણ ન થાય.**

ભગવાન કહે, અમારી સેવા કરતા હોય, અમારી જોડે રહેતા હોય. તો સેવા કરે એ પરમેશ્વરની ભક્તિ નથી ? ના. સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય પછી એમને રાજી કરવા કરેલું કર્મ જ ભક્તિ થાય, યાદ રાખો ! નહીં તો ક્રિયાકાંડ થઈ ગયું. તે સંસ્કાર પાડશે, પણ આત્માને બળ નહીં આપે. ઓહોહો...! આવા પ્રભુ મળ્યા, આવા ગુરુ મળ્યા, આવા ભક્તો મળ્યા; એમની સેવા કરવાથી ભગવાન રાજી થશે ! ઓહોહો આવા ભગવાનની સેવા મને મળી, આવા સંતોનાં વચને મને રસોઈ બનાવવાની મળી, પીરસવાનું મળ્યું, સભામાં બેસવાનું મળ્યું, કથા કરવાની મળી.

આવો જે ભાવ ! એ ભાવથી જે ક્રિયા થાય એ ભક્તિ કહેવાય. મહારાજ કહે, એ સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો જ ભક્તિ પ્રગટતી હોય છે, નહિ તો ભક્તિ નથી પ્રગટતી.

**અને જો નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.**

ગમે એટલો ગુણવાન હોય, પણ ભગવાનની ભક્તિ, ભગવાનને રાજી કરવાનો ભાવ ના હોય તો તે અમને ન ગમે. ગમે તેવો ગુણવાન હોય તોય અમને તેનો ભાર નથી.

**અને જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય ને એમ સમજતો હોય જે, 'જેવા પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે,' અને 'આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે.'**

જોયું ? આ ઉપાસનાનું પગથિયું આવ્યું. એક તો ભગવાન કર્તા-હર્તા છે, બીજું, ભગવાન સદા સાકાર અને પ્રગટ છે. પ્રથમ ૩૭ વચનામૃત એ અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનું પાયાનું વચનામૃત છે. સત્પુરુષ ભગવાન નથી, પણ સત્પુરુષ દ્વારા ભગવાન મને પ્રાપ્ત થયા છે. આ માઈક્રોફૉનની કિંમત તે ઈલેક્ટ્રિસિટી સાથે જોડાયેલું હોય ત્યાં સુધી છે. માઈક્રોફૉન એ આપણા સુધી શબ્દો પહોંચાડવાનું માધ્યમ છે, પણ જો હમણાં આ માઈક્રોફૉન ઈલેક્ટ્રિસિટીથી છૂટી જાય તો આપણે શું કહીએ ? કે, આ ભૂંગળાને ખસેડો, આડું આવે છે. ઈલેક્ટ્રિસિટી વગર એ 'ભૂંગળું' થઈ ગયું, યાદ રાખો ! એમ સત્પુરુષ છે એ ભગવાનનો સંદેશો આપવા માટેનું, ભગવાનની વાત આપણા સુધી પહોંચાડવા માટેનું અને આપણી વાત ભગવાનને પહોંચાડવા માટેનું માધ્યમ છે, ભગવાન નથી. અને સત્પુરુષ ભગવાનમાં જોડાયેલા છે એટલે જ એમની કિંમત છે. જે સાધુ, જે સંત મને-તમને-સૌને ભગવાનમાં જ જોડે એ સાચો સાધુ કહેવાય. એવા સાધુને ભગવાન કહીએ તો પાપ છે. એવા સાધુ ભગવાનનું સ્વરૂપ જરૂર કહેવાય. જેમના દ્વારા ભગવાન દર્શન દે છે, જેમના દ્વારા ભગવાન આશીર્વાદ આપે છે, જેમના દ્વારા ભગવાન પ્રસાદ આપે છે, જેમના દ્વારા ધબ્બો મારીને ભગવાન આપણને સ્પર્શ આપીને દિવ્ય બનાવે છે; એ સત્પુરુષના માધ્યમ દ્વારા ભગવાન આપણી પર કૃપા વરસાવે છે. પણ, ભગવાન એ ભગવાન ! અને એવા સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, 'એવા સત્પુરુષ દ્વારા ભગવાન પ્રગટ છે' એવી જ્યારે હૈયામાં દઢતા થાય, ક્લિક થાય તો જીવનો કારણદેહ બળી જાય, જીવનો મોક્ષ થઈ જાય. અને એવો જે આત્મા એને પછી ભગવાન અગિયાર ઈલકાબ આપે છે. જેને સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે એવું મનાયું, મારા જીવનમાં જે કાંઈ થયું છે, થઈ રહ્યું છે અને થશે તેના કર્તા-હર્તા મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે ને એ સ્વામિનારાયણ ભગવાન મને સંત દ્વારા મળ્યા છે.

યોગીબાપાએ આપણને કૃપા કરીને મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, ગુરુજી; આવા સંતો દ્વારા ભગવાન પ્રગટ છે તેમની ભેટ આપી ! એવા કોઈ સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો આપણો છતી દેહે મોક્ષ થઈ ગયો કહેવાય. અને એવા સાધુને, એવા હરિભક્તને પછી સ્વામિનારાયણ ભગવાન આ 'વચનામૃત'માં અગિયાર ઈલકાબ આપે છે.

**અને 'આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે' એમ સમજતો હોય અને ગમે તેવા વેદાંતીના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહીં.**

આ ભગવાનના ભક્ત તે માનવરૂપે સદા સાકાર જ છે એમ સમજતો હોય, નિરાકાર ના સમજે. ભગવાને કહ્યું, 'આસ્તિક અને નાસ્તિકમાં

સત્પુરુષ છે એ ભગવાનનો સંદેશો આપવા માટેનું,
ભગવાનની વાત આપણા સુધી પહોંચાડવા માટેનું અને
આપણી વાત
ભગવાનને પહોંચાડવા માટેનું માધ્યમ છે,
ભગવાન નથી.





**'ભગવાન ને ભગવાનના સાધુ સદાય સાકાર,**
**નિર્દોષ અને દિવ્ય છે,**
**એ માનીનતામાં એટલી બધી દઢતા હોય કે**
**ગમે તેવો વેદાંતી, ગમે તેટલો જીનિયસ માણસ લૉજિકની રીતે**
**આપણને ઠસાવવા માંગે કે ભગવાન નિરાકાર છે,**
**પણ એની ટ્રેપમાં-યુક્તિમાં ના આવે તે**
**દઢ નિષ્ઠાવાળો કહેવાય.**

ફરક ક્યાં ? તો જે ભગવાનને સદાય સાકાર માને છે તે આસ્તિક અને જે ભગવાનને નિરાકાર કહે છે તે નાસ્તિક.' અને વેદાંતી એટલે લૉજિશિયનો. આચાર્ય રજનીશજી હતા એ કેટલા મહાન માણસ ! એ પોતે કહેતા કે, તમારા હૈયામાં હું કૃષ્ણને ભગવાન તરીકે સ્થાપિત કરી શકું છું. એટલા આર્ગ્યુમૅન્ટ્સ અને બૌદ્ધિક કક્ષાએ લૉજિકથી આપણને વાતો કરે એટલે માની જઈએ કે કૃષ્ણ ભગવાન છે. અને એવી વાતો કરીને, એ જ કૃષ્ણ વ્યભિચારી છે, તેવું પણ તમને મનાવી દે. એટલે કેટલાય મોટા લોજિશિયનો, વેદાંતીઓ ભગવાનને નિરાકાર કહેવા માટે કેટલી બધી વાતો કરે કે ફાસફૂસિયા માણસો તો કન્વિન્સ થઈ જાય. સ્વામિનારાયણ ભગવાન અહીં કહે છે કે, 'ભગવાન ને ભગવાનના સાધુ સદાય સાકાર, નિર્દોષ અને દિવ્ય છે, એ માનીનતામાં એટલી બધી દઢતા હોય કે ગમે તેવો વેદાંતી, ગમે તેટલો જીનિયસ માણસ લોજિકની રીતે આપણને ઠસાવવા માંગે કે ભગવાન નિરાકાર છે, પણ એની ટ્રેપમાં-યુક્તિમાં ના આવે તે દઢ નિષ્ઠાવાળો કહેવાય. ડગમગાટ જ ના થાય. આ આંબો એ આંબો પછી કોઈ આવીને કહે કે, 'આ આંબો નથી લીમડો છે', તો આપણે કહીએ કે, 'તારું મગજ બદલાયેલું લાગે છે, બાકી આ છે તો આંબો જ.' એવી જે દઢતા, નિરુત્થાન નિશ્ચય, એક વખત નિશ્ચય થયો પછી ગમે એવી વાતો સાંભળે પણ ફરક ના પડે ; એવી દઢ નિષ્ઠાવાળો જે ભગત એને ભગવાન અગિયાર ઈલકાબ આપે છે.

**અને એમ જાણે જે, 'એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહીં,' અને એમ જાણે જે, 'ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી.'**

મારા જીવનમાં કર્તાહર્તા મને મળ્યા એ પ્રગટ ભગવાન જ છે, એવું દઢતાથી માને. પછી દોરા-ધાગા અને બીજે બધે ફાંફાં ના મારે. 'આજ મારે ઓરડે રે...' કીર્તનમાં આવે છે ને કે, 'મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...' મારા જીવનમાં જે કંઈ થયું છે, થઈ રહ્યું છે ને થશે તેના કર્તાહર્તા ભગવાન છે. તો દુ:ખનો ટાળનારો પણ ભગવાન છે ને સુખનો આપનારો પણ ભગવાન છે ; એવી દઢતાથી પછી કંઈ પણ થાય તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... એમ જે ભજનનો આશરો લે તો માનજો કે, એ સાચી નિષ્ઠાવાળો છે. બીજે બધે ફાંફાં મારે, ઉપાય કરે તો એની નિષ્ઠામાં પોલ છે.

**એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દઢ પ્રતીતિ હોય ને તે જેવો-તેવો હોય તો પણ એ અમને ગમે છે. અને એને માથે કાળ, કર્મ અને માયા તેનો હુકમ નથી; અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે, પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી.**

પહેલી વાત કરી મહારાજે કે, આવી જેને દઢતા હોય, જેવો-તેવો હોય તો પણ એ અમને ગમે છે. રૂડોરૂપાળો, પ્રકાંડપંડિત, પ્રખર વક્તા, શાસ્ત્રનો જાણકાર હોય એવો નહિ, પણ જેને સાકાર પ્રગટપણાની અને કર્તાહર્તાપણાની જેને દઢ નિષ્ઠા હોય; એવો જે ભગત, તે ગમે તેવો હોય તો પણ અમને ગમે છે. બીજી વાત કરી કે, એને માથે કાળ, કર્મ ને માયાનો હુકમ નથી. જે તેની પાસે આવી જ ના શકે. ભગવાન કહે, તેને અમે જ તેડવા આવીશું. એને સજા કરવી હોય તો અમે કરીશું, પણ જગતની કાળ, કર્મ ને માયા તેને દુ:ખવી નહિ શકે ; એ ત્રીજી વાત કરી.

**અને એવી નિષ્ઠા ન હોય ને તે જો ત્યાગ-વૈરાગ્યે યુક્ત હોય તો પણ તેનો અમારા અંતરમાં ભાર આવે નહીં.**

ગમે તેવો ત્યાગી હોય, ખાતો ના હોય-ઉપવાસ કરતો હોય, ઊંધા માથે લટકતો હોય, તપ કરતો હોય, વ્રત કરતો હોય પણ આવો નિષ્ઠાવાળો, દઢતાવાળો, પ્રગટનો ઉપાસક ના હોય તો ભગવાન કહે, એનો અમને કોઈ ભાર નથી.

**અને જેના હૃદયમાં ભગવાનની એવી નિષ્ઠા અચળ હોય ને તે ગમે તેટલાં શાસ્ત્ર સાંભળે અથવા ગમે તેનો સંગ કરે તો પણ**

**પોતાને જે ભગવાનના સાકારપણાની નિષ્ઠા છે તે ટળે નહીં અને તેજના બિંબ જેવા નિરાકાર ભગવાનને કોઈ દિવસ સમજે જ નહીં, એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ. અને તેને દુ:ખવતા થકા મનમાં બીએ છીએ, અને તેનાં દર્શન પણ ઈચ્છીએ છીએ.**

જેના હૃદયમાં નિષ્ઠા અચળ હોય, સહેજ પણ ચલિત ન થાય. ગમે એની વાતો સાંભળે, ગમે તેવાં શાસ્ત્રો સાંભળે, ગમે તેવા લૉજિશિયનોની વાતો સાંભળે તો પણ તેની સાકાર અને પ્રગટપણાની નિષ્ઠા ટળે નહીં. આવી નિષ્ઠાવાળા ભક્તના પગની રજ ભગવાન કહે છે કે, અમે માથે ચઢાવીએ છીએ. આપણે બધા ભક્તોને એટલે પગે લાગીએ છીએ કે, આ એકેએક એવી નિષ્ઠાવાળા છે. જેની રજ ભગવાન માથે ચઢાવે તેની આપણે તો ચઢાવવી જ પડે ને ! આવી નિષ્ઠાવાળાને ભગવાને કેટલો મોટો ઈલકાબ આપ્યો ! ભગવાન કહે છે, 'મારા ભક્તોને દુ:ખવતાં હું બીઉં છું.' ભગવાન આપણને આનંદમાં રાખે છે. પણ નિષ્ઠા છૂટી જાય, ખટપટ-નિંદા-માથાકૂટમાં પડી જવાય છે. એટલે ભગવાન કહે, તમે કાળ, કર્મ ને માયાના ચકરડામાં આવીને દુ:ખી થાવ છો. દુ:ખી તમે થાવ છો, બાકી તમને દુખવતા થકા તો અમે બીએ છીએ અને તેનું દર્શન પણ અમે ઈચ્છીએ છીએ. આપણે ભગવાનનાં દર્શન કરવાનાં, અને ભગવાન આવા ભક્તનાં દર્શન કરે છે.

**અને એવી નિષ્ઠા વિનાના જે જીવ છે તે પોતાના સાધનને બળે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે, પણ એવા પરમેશ્વરના પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છતા નથી.**

તપ કરે, વ્રત કરે, અમરનાથ-માનસરોવર બધે આંટાફેરા કરે ; એ લોકો સાધનના બળે કલ્યાણને ઈચ્છે છે. પણ કલ્યાણ તો ભગવાનની કૃપાથી જ થાય છે. ભગવાનની કૃપાથી સત્પુરુષ દ્વારા ભગવાન મને પ્રગટ મળ્યા છે અને એ સત્પુરુષને વિશે જડબેસલાક નિષ્ઠા હોય તો કલ્યાણ થઈ ગયું.

**એવા જે જડમતિવાળા પુરુષ છે તે તો જેમ નાવ વિના પોતાના બાહુબળે કરીને સમુદ્ર તરવાને ઈચ્છે તેવા મૂર્ખ છે. અને જે એવા ભગવાનને પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા ડાહ્યા છે.**

બોટમાં બેસીએ, પ્લેનમાં બેસીએ, નાવમાં બેસીએ તો લહેજતથી બેઠા બેઠા, ખાતાંપીતાં દરિયો પાર થઈ જાય. દરિયો તરીને જવામાં મુશ્કેલ છે, મરી જ જાય વચ્ચે. પણ ભગવાનને સદા સાકાર ને પ્રગટ માનીને આત્મબુદ્ધિ અને પ્રીતિથી જોડાઈએ તો કલ્યાણ સરળ અને સહેલું થઈ જાય.

**જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે, અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે..."**

આપણને સામે કોઈ ભક્ત મળે તો થાય કે, ઓહોહો ! દર્શન થઈ ગયાં ! એ ભક્તોમાં ભગવાન રહ્યા છે, એ દ્વારા ભગવાન દર્શન દે છે એ મહિમા છે. કેટલો મોટો ઈલકાબ આપ્યો ભગવાને કે, ભગવાનના ભક્તોનું દર્શન એ ભગવાનના દર્શન તુલ્ય છે.

દેશ-પરદેશમાં સત્સંગનો આટલો વિકાસ ક્યાંથી થયો ? કોઈ ઉપદેશ કરે છે ? કરતા હશે ઉપદેશ. પણ, આ બધા ભક્તો ફરે છે એનાં દર્શન કરે ; એટલે બધા સત્સંગને માર્ગે ચાલે છે. એનાં દર્શનથી અનંત પતિત જીવોનો ઉદ્ધાર થઈ જાય છે. લ્યો, ભક્તોના દર્શનથી ઉદ્ધાર થઈ જાય ! પછી સત્પુરુષ અને ભગવાનની તો ક્યાં વાત રહી ! તમારા દર્શનથી-તમે જ્યાં નોકરી કરો, જ્યાં જાવ, ટ્રેનની ગિરદીમાં ધક્કામુક્કીમાં ચઢો, જે બધાં તમારું દર્શન કરે એમનું કલ્યાણ ! આવી નિષ્ઠાવાળા ભક્તના દર્શનથી પતિત જીવોનો ઉદ્ધાર થાય છે, એટલા તે મોટા છે ! આવી નિષ્ઠાવાળાને કેટલી મોટી ભગવાને મોટપ આપી છે !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

કલ્યાણ તો ભગવાનની કૃપાથી જ થાય છે.
ભગવાનની કૃપાથી સત્પુરુષ દ્વારા
ભગવાન મને પ્રગટ મળ્યા છે અને
એ સત્પુરુષને વિશે જડબેસલાક નિષ્ઠા હોય તો
કલ્યાણ થઈ ગયું.





# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા





**બ્રહ્મસ્વરૂપ** ભગતજી મહારાજ પ્રાગટ્ય પર્વ... હોળી
બ્રહ્મસ્વરૂપ સંતભગવંત સાહેબજી મહારાજ પ્રાગટ્યપર્વ... ધુળેટી
બંને મંગલ દિવ્ય પર્વ... આતમ ઊજળા કરનાર મહાપર્વ
સાથે જ આવે... સૌ ભાવે ઊજવે ને બ્રહ્મનો આનંદ માણે.

ભગતજી મહારાજે અક્ષરબ્રહ્મ ગુણાતીતનો મહિમા સમજાવ્યો,
ગાયો... અનંત મુક્તોને સંબંધ આપી, આતમે સ્થિર કર્યો
શ્રીજી પરબ્રહ્મ... સ્વામી અક્ષરબ્રહ્મ... બંને સ્વામી અને શ્રીજી
અક્ષર અને પુરુષોત્તમ... બ્રહ્મ પરબ્રહ્મ... સ્વામિનારાયણ
આ શુદ્ધ ઉપાસના સમજાવી, પ્રસારી હૃદયે સ્થાપી...
શાસ્ત્રીજી મહારાજે ઉપાસના શાશ્વત સ્થાપી – સમજાવી.
દિગંતે ગજાવી અનેકનાં આતમે શુદ્ધ સમજણ દીધી
યોગીબાપાએ પ્રેમવારિ સીંચી તે આતમે પલ્લવિત કરી
તે ઉપાસનાના વાહક બનાવવા અનેક આતમને પોતાના કર્યા.

તેવાં દિવ્ય સ્વરૂપો... પ્રમુખ સ્વામીજી... કાકાજી... પપ્પાજી...
હરિપ્રસાદ સ્વામીજી... મહંત સ્વામીજી...
અક્ષરવિહારીજી સ્વામીજી... ગુરુજી મુકુંદ સ્વામીજી...
આપણા સૌના પ્રાણપ્યારા આત્મદ્યોતક સંતભગવંત સાહેબજી.

સાહેબજીએ ગુણાતીતજ્ઞાન સૌનાં અંતરે શાશ્વત કર્યું
સુહૃદભાવ જીવી બતાવી, સૌને જીવતા કર્યાં
સંબંધનો મહિમા સમજી પોતાનાં આશ્રિત સૌને સમજાવ્યો
યોગીબાપાનો દાસત્વભાવ સેવકભાવ પોતે જીવીને પ્રસાર્યો
જે તેઓનાં આશ્રિત થયાં તેઓને જીવી લેવા આગ્રહ અનુગ્રહ કર્યો
'સ્વામિનારાયણ' માત્ર આપણા માની સેવા કરી અને કરાવી
સૌ નિર્દોષ... સૌ સાધનામાર્ગી પ્રભુનાં માની ગળે લગાવ્યાં




વિવિધ પ્રભુકાર્ય આરંભ્યાં ને પૂર્ણ કર્યાં...
સૌને સેવામાં જોતર્યાં
સેવાર્થી સૌને પ્રાર્થનાનાં બળ પૂરી ઓજસ્વી બનાવ્યાં
સંતના ગુણે સભર ભર્યાં... નિષ્ઠા ને ઉપાસનામાં પૂર્ણ દઢ્યાં.

નિષ્કામભાવે સેવા કરી નિર્લેપ કરી પ્રભુ દીધા
સૌનાં ઈન્દ્રિય અંતઃકરણ શુદ્ધ બનાવવા સેવા આપી અનુગ્રહ્યા
સૌને પરમ સુખ પામવા પ્રતિ દૃષ્ટિ રખાવી, સુખિયાં કર્યાં
સૌનાં આતમસિંહાસને બિરાજ્યા છતાં સેવકભાવે વર્તી રહ્યા.
આ દિવ્ય સ્વરૂપ સાહેબજી આપણા સૌના વહાલા 'સાહેબદાદા'
આઠ દાયકા સુધી આપણને પ્રભુ સંબંધ દેતા રહ્યા
પ્રભુ રોમ રોમ પ્રગટાવી સહજાનંદે છલકાવતા રહ્યા.

હે સાહેબદાદા !
આપના અંતરે અમ સૌ સાચું જીવન જીવી લઈએ...
અમ સૌ શુદ્ધ ઉપાસના સમજી દઢ કરી આચરણ કરી લઈએ...
અમ સૌ સંબંધવાળાં સૌનો મહિમા સમજીએ ને વર્તન કરીએ...
અમ સૌ માહાત્મ્યેયુક્ત સેવા કરી, દાસત્વભાવનું જીવન બનાવીએ...
અમ સૌ આપના ભક્તોમાં શ્રીજીનાં સર્વમાં... સ્વામી સંબંધીમાં
યોગીનાં દિવ્ય દર્શન આપે કર્યાં ને નિર્દોષ માની રાજી રાખ્યા...
તેમ કરતા રહીએ તે કરાવવું છે... જે આપના વર્તને દર્શાય છે.
તે કરવા ને આપનાં સાચાં સંતાનો... સ્વામિશ્રીજીના દિવ્ય ઉપાસકો
બની રહેવા બળ દો ! આપે આશિષ દીધી તે સમજવા શક્તિ દો !

આપના ૮૧મા પ્રાગટ્યમંગલની અમારી આ પ્રાર્થના !
અનુપમ પરિવારનાં સૌની
આ યાચના–અભ્યર્થના સ્વીકારો દયાળુ પ્રભુ !

*૩ માર્ચ ૨૦૨૦, બ્રહ્મજ્યોતિ,*
*સાહેબજી પ્રાગટ્યપર્વ ભાવવંદના ! ભગતજી પ્રાગટ્ય દિવ્ય વંદના !*



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ –૬૮, 'અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું'નું નિરૂપણ
૨૦ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસનાધામ, વેમાર

(ઑક્ટોબર, ૨૦૧૯ના અંકથી અધૂરું આ અંકથી ચાલુ...)

ભગવાને અહીંયાં કહ્યું, 'લેશમાત્ર જેનામાં ભક્તિનો ભાવ ના હોય, તો પછી એ કેવી રીતે મર્યાદા જાળવી શકે ?' વિક્તિ શરીરની થાય છે, શક્તિની વિક્તિ થતી નથી. પરમાત્માની શક્તિ દિવ્ય છે એની વિક્તિ થતી નથી પણ વિક્તિ શરીરની થાય છે, વિક્તિ વસ્ત્રોની થાય છે.

તેથી કહે છે...

***સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ. તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી અને મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે અને સંતને બીજા માણસ જેવા જાણે છે. અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'***

ભગવાને પોતાના શ્રીમુખે આ કહ્યું છે. મુખ એટલે મોઢું. આપણું મોઢું તે શુભ અને અશુભ ગમે તે બોલે. પણ જ્યારે દિવ્ય અને માહાત્મ્યની વાત થતી હોય અને જ્યારે ભગવાન પોતે તે વાત કરતા હોય ત્યારે આગળ 'શ્રી' શબ્દ લગાડવામાં આવે છે. શ્રી છે શુભ, મંગલ, દિવ્ય, પરમાત્માને પ્રાપ્ત કરાવનાર ! એટલે આપણે ભગવાનના જે અવતાર છે એની આગળ પણ 'શ્રી' લગાવીએ છીએ. રામાયણની સિરિયલમાં હનુમાન કે અંગદ 'શ્રીરામ' એમ જ્યારે બોલે ત્યારે રાવણ 'શ્રી મત કહો' એમ કહીને પોકાર કરે. શ્રી એટલે શું સમજો છો તમે ? કારણ કે અષ્ટસિદ્ધિ અને નવનિધિ તો એણે પોતે વશ કરેલી હતી. જ્યારે રામ તો વનવાસી થઈને વનમાં વિચરણ કરતા હતા અને એને તમે શ્રી કહો છો ? પણ ભક્ત અંગદ અને હનુમાનને મનુષ્ય રામને વિશે ભગવાનનો ભાવ છે તો તેઓ 'શ્રીરામ' એવો ઉચ્ચાર કરે છે. મને તો આ યાદ રહી ગયું છે એટલે બધા જ્યારે 'જય સ્વામિનારાયણ !' બોલે ત્યારે હું બોલું 'જય શ્રી સ્વામિનારાયણ !' પછી તમારે સગવડ પ્રમાણે ટૂંકું જે બોલવું હોય તે બોલો, પણ 'શ્રી' શબ્દનો બહુ વિશેષ અર્થ છે. 'જય શ્રી કૃષ્ણ !' એમ આ પણ 'શ્રી' છે. ભગવાને શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા...'

અહીંયાં ચિત્ર પ્રતિમાની વાત આવી. ચિત્ર પ્રતિમા વિશે વાત કરીએ તો સ્વામી વિવેકાનંદે ઈંગ્લૅન્ડથી ભણીને આવેલા એક રાજાના કુંવરને આ વાત સમજાવી હતી. એના દાદાનું તૈલચિત્ર મહેલમાં લટકતું હતું તે ઉતારીને એમ કહ્યું કે, 'આની ઉપર થૂંક'. ત્યારે કહે, 'ના થૂંકાય.' સ્વામી વિવેકાનંદે કહ્યું કે, 'કેમ ના થૂંકાય ? કૅનવાસ છે ને ઉપર કલરથી ચિત્ર દોરેલું છે, એના ઉપર કેમ ના થૂંકાય ?' ત્યારે પેલો કહે, 'આની ઉપર ના થૂંકાય. કારણ, આ ચિત્ર જોઉં છું એટલે મને મારા દાદા યાદ આવે છે. એમના ખોળામાં હું રમેલો અને એમણે મારું લાલનપાલન કરેલું એ મને યાદ આવે છે. એટલે ભલે તમે એને કૅનવાસ અને રંગનું ચિત્ર કહેતા હોવ, પણ મારાથી એના પર થૂંકાય નહીં.' ત્યારે સ્વામી વિવેકાનંદ પણ પોતાના ગુરુની પ્રતિમા બતાવીને કહે છે કે, 'હું આને જોઉં ત્યારે મને મારા ગુરુ યાદ આવે છે, મારા પ્રભુ યાદ આવે છે.' આ પ્રસંગ, આ વાત પણ આપણે સત્સંગના માધ્યમથી સાંભળી છે.

એમ, આ બધી ચિત્રપ્રતિમાઓ આપણે અહીંયાં જોઈએ છીએ, સાહેબને અહીંયાં મૂર્તિ સ્વરૂપે બિરાજમાન કર્યા છે એ જોઈએ એટલે એમની સાથેનો આપણો સંબંધ, આપણો નાતો, તાજો થાય છે. એમની સાથે બનેલા આપણા કોઈક પ્રસંગની આપણને સ્મૃતિ થાય છે. અને એ રીતે આપણા ભાવજગતથી આપણે એમની સાથે જોડાઈએ છીએ એટલે એ જીવંત થઈ જાય છે. જેમ આપણે જીવતા છીએ, એમ એ ચિત્રપ્રતિમા પણ જીવંત થઈ જાય છે.

ભલે ભગવાને આપણને બનાવ્યા હોય, પણ ભગવાનને ભગવાન આપણે બનાવ્યા છે. આપણને આ ભાવ થયો એટલે બન્યા, આ ભાવ ના થાય તો ભગવાન બને નહીં. ભગવાને આપણને બનાવ્યા એટલે કે, આખી સૃષ્ટિ જેમણે પેદા કરી એમના વિશેનો ભાવ મારા હૃદયમાં હું પેદા કરું તો એ મારા ભગવાન બન્યા. 'મારા ભગવાન છે', 'મારા લાલજી છે', 'મારા ગુરુ છે' એમ મારાપણાનો ભાવ થવો જોઈએ. પરાયા નથી, પારકા નથી અને આખા ગામના ભલે હોય, પણ એની જવાબદારી સામૂહિક રીતે ગામના માથે નાખી દીધી એમ પણ નથી; 'મારા પ્રભુ', 'મારા ગુરુ', 'મારું મંદિર' એમ મારાપણાનો ભાવ લાવવાનો છે. કારણ કે 'હું ને મારું' એ તો આપણું જગત છે અને એ જગતમાં તો આપણે જીવીએ છીએ. તો એ જ ભાવ અહીંયાં ભગવાન સાથે જોડવાનો છે. તો 'મારા પ્રભુ', 'મારા ગુરુ' એવો ઉમળકો જ્યારે થાય ત્યારે એ પ્રભુ બન્યા છે.

અને ત્યારે ભગવાને શ્રીમુખે એમ કહ્યું કે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.' અખંડ – ખંડિત થતો નથી. આજે છું ને કાલે નથી એવું નથી. તમારો મૂડ બદલાય, તમે કંઠી કાઢી નાખો એટલે ભગવાન વહ્યા ગયા એમ નથી. નિત્ય અને નિરંતર, સનાતન એના માટે શબ્દ વપરાય છે – અખંડ ! અસ્ખલિત – જેમાં સ્ખલન નથી એને અસ્ખલિત કહેવામાં આવે છે અને એમાંથી અખંડ શબ્દ બન્યો. 'એવા સંતમાં અખંડ નિવાસ કરીને રહ્યો છું.' ભગવાનના આ શબ્દોને સંતોએ પકડી લીધા અને એમણે 'અષ્ટપ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું' એવું આ 'વચનામૃત'નું ટાઇટલ આપ્યું. સંતોને ધન્ય છે ને ! ભગવાનની વાણીને જ તેઓએ પ્રધાનપણે પકડી રાખી છે, પોતાનું કશું નહીં. ભગવાનની વાણીનું સંપાદન કરીને આ 'વચનામૃત' નામનો ગ્રંથ એમણે આપણને ભેટ આપ્યો છે.

***અને એ ભક્ત તો ભગવાનની પ્રતિમા આગળ તથા સંત આગળ ગમે તેટલાં ફેલફતૂર કરે છે પણ લેશમાત્ર ભગવાનનો ડર રાખતો નથી.એને ભગવાનનો નિશ્ચય છે કે નથી ? એ પ્રશ્ન છે.***

આટલી વાત માટે આટલો લાંબો પ્રશ્ન પૂછ્યો છે. કોણે પૂછ્યો છે ? શ્રીહરિએ પોતે પ્રશ્ન પૂછ્યો છે. આપણને બધાને પૂછવામાં આવે છે કે, 'તમને ભગવાનનો નિશ્ચય છે કે નથી ?' જે ભગવાનની મર્યાદા રાખતો નથી ને ગમે તેમ ફેલફતૂર કરે છે અને લેશમાત્ર ભગવાનનો ડર પણ રાખતો નથી તો એને ભગવાનનો નિશ્ચય છે કે નથી ? એ પ્રશ્ન છે.

***ત્યારે પરમહંસ બોલ્યા જે, 'જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો, તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.'***

૫૦૦ પરમહંસો કે, જેમને ભગવાન શ્રી સ્વામિનારાયણે પરમહંસની દીક્ષા આપી. પરમહંસ – હંસને માટે એવું કહેવાય છે કે, દૂધમાં એ ચાંચ બોળે તો દૂધ ને પાણી બેય નોખું થઈ જાય એવું એની ચાંચમાં રસાયણ છે. અહીંયાં હું એનું અર્થઘટન એવું કરીશ કે, સત્ય અને અસત્ય એ બેયને નોખું કરીને સમજાવે એ પરમહંસની કક્ષા કહેવાય. કારણ કે, આ સંસારમાં અસત્યના આવરણથી સત્ય એવું ઢંકાઈ ગયું છે કે, લોકો અસત્યને જ સત્ય માનીને ચાલી રહ્યા છે. અને એટલે જ ભગવાનના નામે જે કંઈ ચલાવવું હોય તે બધું ચાલે છે. ભગવાનનું નામ દઈ દેવાનું, ભગવાનનું નામ વટાવવાનું તો એના નામે બધું ચાલે. કેમ ચાલે ? સત્યનું મુખ અસત્યના આવરણથી ઢંકાઈ ગયું છે ને અસત્યને જ સત્ય માની લીધું છે એટલે. અને એ જ ભ્રમણામાં આખો સંસાર જીવે છે એમ સદ્ગુરુ સંતો કહે છે. અહીં પરમહંસ જવાબ આપે છે. જુઓ, અહીંયાં ફલાણા સ્વામી કે ઢીકણા સ્વામીએ જવાબ આપ્યો એવું નથી લખ્યું પણ '*પરમહંસ બોલ્યા*' એમ કહ્યું છે. 'બોલ્યા' એ બહુ વચન અને 'બોલ્યો' એ એક વચન માટે વપરાય છે. એનાથી આગળ જો વિવેકથી બોલવું હોય તો 'બોલ્યા' એમ કહેવાય પણ 'બોલ્યો' એમ ના કહેવાય. ગુજરાતી ભાષા સમજજો. 'ત્યારે પરમહંસ બોલ્યા' એટલે આ બધાનો સામૂહિક જવાબ છે.

***પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એને નિશ્ચય તો નથી અને ઉપરથી પાખંડ જેવી ભક્તિ કરે છે, ત્યારે એનું કલ્યાણ થશે કે નહીં થાય ?"***

બોલો ભાઈ , આપણી ભક્તિ કેવી છે ? પાખંડી ભક્તિ છે. ખંડ એટલે ભાગ. અરધે ભાગે આપણે આપણી લાંબી ખેતી કોઈકને આપીએ છીએ. એ મજૂરી કરે, અને જે પાકે એમાંથી આપણે નફાના હિસ્સેદાર. એને ભાગે આપી એમ કહેવાય. ભાગના સ્વરૂપમાં સમજાવું

તો 'પાખંડ' 'પા' એટલે એક ચતુર્થાંશ. આખું વર્તુળ હોય એનો એક ચતુર્થાંશ, ત્રણ ચતુર્થાંશ બાકી રહ્યું. આપણે જે ભક્તિ કરીએ છીએ તે કેટલી ભક્તિ કરીએ છીએ ? પા ભાગની. એટલે આપણે અહીંયાં પાખંડનો અર્થ ધતિંગ નહીં સમજવાનો. શું સમજવાનો ? ચાર આની સત્સંગ. આઠ આની સત્સંગ. બાર આની સત્સંગ અને સોળ આની સત્સંગ એવી શાસ્ત્રીજી મહારાજની ટકાવારી સમજવાની. શાસ્ત્રીજી મહારાજ સોળ આની સત્સંગની વાત કરતા. અમારા વખતમાં સોળ આના એટલે એક રૂપિયાનું ચલણ હતું. અત્યારે ૧ રૂપિયાના ૧૦૦ પૈસા થઈ ગયા એટલે આપણે ૨૫ પૈસાનો સત્સંગ. પા ખંડ. ખંડ એટલે ભાગ-વિભાગ. ભક્તિ તો કરે છે. પણ કેટલી ? પા ભાગની.

***પછી સંત બોલ્યા જે, "એનું કલ્યાણ નહીં થાય."***

કારણ કે, એ બધા સંતો તો એમનું બધું મૂકીને આવ્યા હતા અને કલ્યાણ કરવા જ આવ્યા હતા. એટલે એવું જ સમજતા હતા કે, અમારું જ કલ્યાણ થાય, આવું કરે એનું ના થાય. પણ સ્વામિનારાયણ ભગવાને તો ગૃહી-ત્યાગીનો મેળ રાખ્યો નથી. ગૃહસ્થીને ગૃહસ્થાશ્રમ કરતાં કરતાં, વેપાર-વ્યવહાર કરતાં કરતાં, કુટુંબ-પરિવાર સહિત કલ્યાણના અધિકારી બનાવવાની વાત સમજાવી છે. એટલે એ ફરી પ્રશ્ન પૂછે છે.

***પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે અને સંતને વિષે નાસ્તિકપણું આવે તેને એટલે જ નહીં રહે, એને તો જેનું ભજન-સ્મરણ કરે છે એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને વિષે પણ નાસ્તિકપણું આવશે."***

આ બહુ મોટું રોગનું મૂળ છે. મંદિરે આવે છે પણ સંતોનો અભાવ આવે છે, ભક્તોનો અભાવ આવે છે; હજી ત્યાં સુધી તો વાંધો નહીં; પણ, જેનાં દર્શન કરવા આવે છે, જેના માટે ચંપલ ઘસે છે, જેના પ્રત્યે કંઈક આસ્થા કે શ્રદ્ધા રાખે છે; એનો પણ જે દિવસે અભાવ આવશે, એ દિવસે ગામડાનાં ડોશીમાની માફક 'સત્યાનાશ' જશે.

અમે ગામડામાં ઊછરેલા. અમે છોકરાઓ શેરીમાં તોફાન કરીએ તો ડોશીમા 'તારું સત્યાનાશ જાય' એવું કહે. એટલે કે, સત્યનો નાશ થયો. આ સમજવા જેવું છે. તારામાં સંસ્કાર નથી, તારામાં ખાનદાની નથી, તારામાં વિવેક નથી, આચારસંહિતાને તું આચરતો નથી, એટલે તું સત્યરૂપ પરમાત્માના માર્ગે ચાલી શકતો નથી, એટલે તારું સત્યાનાશ થયું. 'સત્યાનાશ' એટલે ધનોતપનોત ને નખ્ખોદ નીકળી ગયું એમ નહીં. નાશ થવામાં પણ સત્ય શબ્દનો પ્રયોગ થયો છે. આપણા વડીલો બહુ સમજદાર હતા. ભલે એ ગુસ્સામાં ગાળ દેતા તો પણ ભગવાનને સાથે રાખીને દેતા. સત્યનો નાશ થયો. શું સત્ય નો નાશ થયો ? તારામાં વિવેક નથી, આદર નથી, ધર્મનું આચરણ નથી અને આમ નફ્ફટ થઈ તું તારી રીતે વર્તે છે એટલે તને ગાળ દીધી. એટલે સત્યનો નાશ થયો, કારણ કે, તું અસત્યનું આચરણ કરી રહ્યો છું. અને અસત્યનું આચરણ કરી રહ્યો છું એટલે જરૂર તારો વિનાશ છે. જ્યારે ઋષિજનો, ગુરુજનો, વડીલો, માતાપિતા આશીર્વાદ આપે ત્યારે કહે છે કે, 'આયુષ્યમાન ભવ', 'તારું શુભ થજો', 'તારું રૂડું થજો', 'તારું મંગલ થજો' કારણ કે તું સત્યના માર્ગે ચાલે છે.

અહીંયાં કહ્યું ને કે, ફેલફતૂર કરે છે ને મર્યાદા રાખતો નથી. શેરીમાં વડીલો બેઠા હોય, આપણાથી મોટી ઉંમરના લોકો બેઠા હોય અને એમની હાજરીમાં આપણે ગમે તેવો અવિવેક કરીએ, ગેરવર્તન કરીએ, અપશબ્દ બોલીએ એટલે પછી આપણને એમ કહે કે, તું અસત્યના માર્ગે છે, સત્યના માર્ગે ચાલ. આ શબ્દનો આટલો સુંદર અર્થ આપણે સમજી શકીએ એમ છીએ.

એટલે જ્યારે એને 'ભગવાનની મૂર્તિને વિશે નાસ્તિકપણું આવે છે ત્યારે એને સંતને વિષે પણ નાસ્તિકપણું આવે છે. અને પછી જેનું ભજન-સ્મરણ કરે છે, એવા જે, હવે એક શબ્દ વપરાય છે - 'પ્રત્યક્ષ ભગવાન' પ્રત્યક્ષ એટલે પ્રતિ-અક્ષ. સદા દિવ્ય સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ ! કે જેમની સામે હું ઊભો છું. પહેલી વખત આ 'વચનામૃત'માં 'પ્રત્યક્ષ' શબ્દ પ્રયોગ થાય છે. 'હું પ્રવેશ કરું છું', 'હું અખંડ રહ્યો છું', પણ હું બરાબર તમારી સામે જ રહ્યો છું - પ્રતિ-અક્ષ - તમારી આંખો સામે જ છું. જેને ભક્તો કહે છે, હાજરાહજૂર છું. હાજરાહજૂરને પ્રત્યક્ષ કહેવાય.

***અને એ ભગવાનનાં જે ગોલોક, બ્રહ્મપુર આદિક ધામ છે તેને વિષે પણ નાસ્તિકપણું આવશે; અને જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને પણ કાળે કરીને ને માયાએ કરીને ને કર્મે કરીને માનશે પણ પરમેશ્વર વતે કરીને નહીં માને; એવો પાકો નાસ્તિક થશે.***

પ્રત્યક્ષ ભગવાનને વિશે જ્યારે નાસ્તિપણું આવશે; અને એ ભગવાનનાં ગોલોક, બ્રહ્મપુર આદિક ધામને વિશે પણ નાસ્તિકપણું આવશે. ક્રમે ક્રમે અધોગતિને પામતો જાય છે. ઊર્ધ્વગતિ એટલે ક્રમે ક્રમે નિસરણી ચડતો જાય અને અધોગતિ એટલે ક્રમે ક્રમે પતન થતું જાય છે.

નાસ્તિક એટલે ભગવાન છે જ નહીં અને આસ્તિક એટલે ભગવાન સદા છે. સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની આપણા સંપ્રદાયની ઉપાસના છે.

ભગવાન હાજરાહજૂર છે અને જો એ હાજરાહજૂર હોય તો જેમ રાજાના દરબારમાં, જેમ કલેક્ટરસાહેબની કચેરીમાં, કૉર્ટમાં બહુ મર્યાદા ને આમન્યા રાખવી પડતી હોય છે. કૉર્ટમાં જજસાહેબ બેઠા હોય. એમની બાજુમાં લહિયો, એની સામે વકીલો અને પછી જેનો કેસ ચાલતો હોય એ લોકો બેઠા હોય. પણ એમને એક પણ શબ્દ બોલવાનો અધિકાર હોતો નથી. મૉબાઈલ સ્વિચ ઑફ કરી દેવા પડે. એક કાયદા-કાનૂનના સત્તાધીશની પણ આટલી બધી આમન્યા ને મર્યાદા રાખવી પડે. ત્યાં અંદરોઅંદર વાતો ના થાય. અને ભગવાનનાં દર્શન કરવા આવ્યા હોય પણ અંદરોઅંદર વાતો કરે. ઘણા લાંબા સમયે મળ્યા હોય એટલે એકબીજાની ખબરઅંતર પૂછે. ભાઈઓ પણ મંદિરમાં જવું તો મૉબાઈલ તો જોડે જ રાખવાનો. કોઈનો અગત્યનો ફોન આવી જાય તો! પણ ભગવાનનું હાજરપણું સ્વીકારીને મર્યાદા ને વિવેક રાખવાનાં છે. અને આપણે હજૂર સેવક થવાનું છે. હાજરાહજૂરનો બહુ સુંદર અર્થ છે – હું હજૂરિયો છું, સેવક છું, હજૂર સેવક ! હું હાજર છું.

ભગવાનનાં દર્શન કરીએ, ભગવાનની કથા સાંભળીએ એ સમયે મનને ભગવાનમાં પરોવવાનો પ્રયત્ન કરીએ. મન આપણું એટલું બધું પ્રવાહી અને ચંચળ અવસ્થાનું છે, કે ભગવાને પહેલા જ 'વચનામૃત'માં એ સાધના લખી દીધી છે કે, 'મનની વૃત્તિને ભગવાનના સ્વરૂપમાં અખંડ જોડી રાખવી. એના જેવી કોઈ પ્રાપ્તિ નથી ને એના જેવું કોઈ સાધન નથી.' અને આપણે નથી એટલે ભગવાને આપણને આ રસ્તો શીખવાડ્યો છે કે, આવી રીતે રહો. ઘડીક ભગવાનની મૂર્તિ સામે બેસીએ ત્યારે બધી ઉપાધિ મૂકી દઈને તેટલી ઘડી તો હું ને મારો ભગવાન, હું ને મારા ગુરુ ! ભગવાનનું નામ સ્મરણ, નામ રટણ ! જ્યારે મંત્ર જપીએ ત્યારે પણ ગુરુની સ્મૃતિ ને પ્રભુનો મંત્ર; આ બધા એના ઈલાજ છે. તો ભગવાન એનું અકલ્યાણ થશે કે એનું કલ્યાણ નહીં થાય એવું નથી કહેતા, પણ એમણે કહ્યું કે, એ નાસ્તિક થઈ જશે.

હવે એનાં મૂળિયાં કપાયાં. હવે એને કોઈ રીતે પાછો જીવતો કરવો પડશે. એટલે આપણા આખા સત્સંગની મા એ મુક્તાનંદ સ્વામી ! મુક્તાનંદ સ્વામી શ્રી સહજાનંદ સ્વામી કરતાં ઉંમરમાં મોટા, રામાનંદ સ્વામીના પટ્ટશિષ્ય, પાકટ બુદ્ધિના, પ્રેમાળ પ્રકૃતિના અને સૌ સંતોનું, ભક્તોનું હિત થાય, રૂડું થાય, મંગલ થાય એવું સદાય ઈચ્છનારા; એટલે એમણે કહ્યું કે, પ્રભુ ! અમે તો જીવ, આ બધા તો જીવ છે, એને હવે શિવ આકારે કરવાના-પ્રભુ આકારે કરવાના, પણ જો સાવ એમનું પાનિયું નીકળી જાય તો બિચારા શું કરશે ? આ તો 'રાંકનાં હાંડલાં ફૂટી ગયાં'. એમ કહીએ ને આપણે ! રાંક એટલે ગરીબ. એની પાસે એક માટલું હોય પાણી પીવાનું અને એય ફૂટી જાય તો બિચારો હવે પાણી ક્યાં પીશે ? એટલે સત્સંગમાં એવું કહેવાય છે, 'રાંકનાં હાંડલાં ફૂટી ગયાં.' આપણી દશા આવી છે. એક તો કશું હતું નહીં, અને એમાં પાછું દેવું કર્યું. હવે કેટલી મજૂરી કરીશું તો દેવું ચૂકવાય ? અને એ ખાડો ભરાય ? તો પછી ઉપર કંઈક મોજમજા કરે એવી બરકત આવે; એ આપણા ધંધા છે. પણ મુક્તાનંદ સ્વામી દયાળુ છે.

અત્યાર સુધી તો શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રશ્ન પૂછ્યો ને પરમહંસોએ જવાબ આપ્યો. પણ હવે મૂળ મુદ્દો આવે છે. આપણી વાત આવે છે. અને આપણું હિત, રૂડું ને મંગલ કરનારા સાધુ મુક્તાનંદ સ્વામી ભગવાનને પૂછે છે કે, કશોક તો રસ્તો બતાવો ! કાંઈક તો ઈલાજ કરો પ્રભુ! ભલે અમે ગમે તેવા હોઈએ, ગમે તે ફેલફતૂર કરતા હોઈએ, આચરણ, મર્યાદા, વિવેક, માહાત્મ્ય કશું સમજતા ના હોઈએ પણ તોય મુક્તાનંદ સ્વામી પૂછે છે.

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'એ નાસ્તિકપણાનો હેતુ તે કોઈ પૂર્વનું કર્મ છે કે કાંઈ કુસંગ છે ?'**

હવે રોગની દવા. મુક્તાનંદ સ્વામી શું કહે છે ? કે, આ નાસ્તિકપણું એને આવી ગયું. આગળ નાસ્તિકપણું શું આવ્યું એ બધું સમજાવ્યું. મૂર્તિની મર્યાદા નહિ, સંતની મર્યાદા નહિ, કંઈ વિવેક રાખવાનો નહીં, એની કાંઈ બીક લાગે નહીં. બાકી પ્રેમ કરવો હોય ને તો શાસ્ત્રો એવું કહે છે કે, 'ભય વગર પ્રીતિ થતી નથી.' અને મરણનો તો આપણને સર્વને ભય છે, એટલે આપણે ભગવાનની પાસે આવીએ છીએ કે, આપણે મરી તો જવાના પણ આપણું મરણ સુધરે એવો કોઈ ઉપાય બતાડો. તો કહે, 'મંદિરે જા.' મરણ સુધારવું હોય તો મંદિરે જા. સૌ કોઈને જો મોટામાં મોટો કોઈ ભય હોય તો તે મરણનો મોટો ભય છે. ક્યાં થશે ? કેવી રીતે થશે ? ક્યારે થશે ? તે ખબર નથી અને એ ભયને કારણે ભગવાનની સાથે પ્રીતિ થાય છે. ભય ના હોય તો આ ભગવાનની કોને પડી છે ? મરણનો ભય છે એટલે ભગવાન સાથે પ્રીતિ કરવાની છે અને એટલે મંદિરે જવાનું છે. (ક્રમશઃ) ◆



Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Discourse on Vachanamrut Gadhada Antya 39 : *" Vishalyakarni Aushadhi nu"***
**13 April 2017, Evening Sabha, Parmita Mandir, Brahmajyoti, Mogri**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**In** this Vachanamrut, Bhagwan Swaminarayan speaks of the form of *maya.* In the very first Vachanamrut of the first Gadhada section, the question is asked, 'what does *maya* mean?' Maharaj answers this by saying, 'Whatever comes in the way of you keeping your mind continuously absorbed in God, is *maya.*' What Maharaj means is whatever comes in the way of you living for God, keeping *nirdosh-bhav, divya-bhav*[1] for the Satpurush and God's devotees, or whatever comes in the way of you offering *seva* to God, is all *maya.* And here Maharaj goes on to elaborate further, that the part of the intellectual ego which affirms that this body is mine – that this body is me, or whatever associations, relationships or material objects for which one feels the attachment of 'this is mine' – is all *maya.* The reason is that it becomes the cause of one negatively perceiving the Satpurush or devotees, and that is why it is *maya*. This body is the supreme instrument given by God, so what about using it to please God?! This body God-given gift; if we understand this, then the sentiment that this belongs to me, or is mine, will not remain.

If someone gives us his car to use, or his scooter or his home – you would not think, 'oh let me spend a little bit here and get this house renovated, and modernize it,' – the reason being the house does not belong to you. You have to vacate that house in a couple of years. Even the car does not belong to you and you have to return it to its owner in a year. Similarly, this body does not belong to you. But, for as long as you are occupying the house, you have to keep it clean and maintain it. If a window breaks, we would feel the cold and the wind, and so we take care that nothing breaks – because we have to live in that house. If someone has given us a car to use, we still have to check for water, air pressure and petrol, and keep it clean. The reason is it is us that will be driving that car. But because it does not belong to us, you do not develop any attachment for it. Similarly, Bhagwan Swaminarayan says, 'This body is a gift from God.' If you are going to live in some house for a couple of years, or use somebody's car for a couple of years – God has in exactly the same way given us this body to use for 70 – 75 – 80 – 90 to 100 years. We have to live within it for a long time, so whatever we do to keep it clean, healthy and pure becomes our devotion. But if you sidestep God, or the Satpurush's *aagna*[2] or fall into negatively perceiving God's devotees, then that is ego, attachment and self-centeredness and that itself is *maya.*

[1] ***Nirdosh-bhav*** **and** ***divya-bhav*** **refer to the inner perception and conviction that God and all of God's devotees are faultless.**

[2] **Any instruction given by God or Guru which is always to our spiritual benefit.**

The body is not *maya*. However, if one becomes attached to it such that if someone swears at you, insults you, does not listen to you, does not respect you, does not appreciate you even if you do so much *seva* – and the resulting negative attitude you feel towards such persons, is *maya.* But this body is God-given, and so we want to use it for God's *seva*. When was this body ever yours that you hold onto so many expectations for it? If your body does not get in the way of you keeping *nirdosh-bhav*, then it is not an instrument of *maya.* if you keep guarding the material objects relating to the body, such as your clothes, the room you use, the car or scooter used – and do not use them in the *seva* of God's devotees; you think you are the boss, the owner of the room and all the material objects, then that is *maya.* In this way too, the attachment you have for your blood relatives and relations, is *mamatva-buddhi*[3] and that is *maya.* What this means is, if you sidestep your devotion, the Satpurush's *aagna* or slacken in doing *satsang* because of how your relatives feel, then that attachment to your relatives is *maya*. If you fall into negatively perceiving *satsang, Santo* or devotees because of your relatives or relations, then that is *maya.*

If you use what God has given you, for God's devotees – then nothing is going to go bad; rather, your *mamatva-buddhi* towards it will diminish, and therefore it will not become *maya.* That is why for the *Sadhus*, Bhagwan Swaminarayan brought it specially into focus, 'O *Santo*! You have left your land, homes, parents, relatives, possessions; you have renounced it all to come to the mandir. Then how can you become attached to your little room, your small scooter, car or your clothes?

Gunatitanand Swami has written in one '*Vaat'* about two kings who had renounced their kingdoms. King Bhartruhari and King Gopichand both renounced the world and wandered as *sadhus*. One day, by complete chance, two *sadhus* happened to enter a *dharmashala*[4] together at the same time. There was one hook on the wall, so one *sadhu* walked ahead and hung his cloth bag on the hook. The *sadhu* standing behind him said, 'Oye Mister! I had my eye on that hook first and so I have the first right to it.' The other sadhu said, 'But I got to it first, so obviously the right to hang my bag there is mine.' The first sadhu was saying 'it is my right' and the other sadhu was also saying 'it is my right' and in so doing they came to blows over it! There in the corner, an elderly lady was sitting turning the rosary. She spoke out, 'you two are both fools.' Just see, that King Bhartruhari and King Gopichand had both left everything behind to go into the jungle, and were now fighting over one hook! The two *sadhus* were those two kings! They had left their entire kingdoms behind, all that power and possessions, and now they were fighting over a hook. Similarly us renunciants' have left behind good homes, good clothes, then how can we get bound by a scooter, a car, a bicycle, the mandir, or a devotee? At such a time you should laugh at yourself, that we have left so much behind, and so now how ignorant of us to create discord, or become upset, or negative towards anyone because of it! That is *maya.*

Bhagwan Swaminarayan says that such delusion is *maya.* When you think that this body is *mine* and you pamper it, and indulge it as if you are going to live within it forever, and do not do *seva,* do not engage in God's work, and instead waste that time through sheer laziness or negligence – then that is *maya.* In the same way that a steel vessel shines the more you use it, the body too which has been given by God will become purer the more you use it in God's work, for the *seva* of God and His devotees. It will become purer and your *deh-bhav*[5] *Deh-bhav* in a literal sense refers to the attachment we have with our bodies, forgetting that the 'soul' is our true self- which is separate from the body i.e. all our desires, ego, emotions etc. Because we have *deh-bhav* we are prone to anger,

[3] **The feeling of me and mine.**

[4] ***Dharmashala* refers to a building devoted to religious or charitable purposes, especially as a rest house for travellers.**

[5] ***Deh-bhav* in a literal sense refers to the attachment we have with our bodies, forgetting that the 'soul' is our true self- which is separate from the body i.e. all our desires, ego, emotions etc. Because we have *deh-bhav* we are prone to anger, infatuation, grief etc.**

infatuation, grief etc will dissolve. Maharaj has shown us the way to eradicate *maya*, and that is, to use this body for God's *seva.*

This body is surrendered to God. If it is said, 'Go!' then one simply has to get up and go. We are not bound to a room or to a possession are we? We are bound to God! Remember this! Being bound to God, means that we are always ready to get up and go for God's work. Never mind if it is hot or if it is freezing cold; instead of thinking about it, just get up and go! The heat cannot make us waver, instead we should wave it off! That is the type of pride we should take in doing God's work. If you use the body for God's work without any kind of reservation, then your self-centeredness, the feeling of me and mine will all go. When that goes, the tendency to fall into negatively perceiving others automatically goes. And when you use all of those material objects accumulated for one's physical self for God's work, then one starts to gain release from *mamatva-buddhi* and one's possessive inclinations.

We have been born to live for God. We have set out to live for God, and so to please God, if we use our body and all the possessions relating to the body for the *seva* of God and His devotees – and we gain joy from doing so, then it can be said that your *mamatva-bhav* or your attachment towards that object or thing has dissolved.

Maharaj has given us the means to cross over *maya.* Bhagwan Swaminarayan propagated the path of devotion. He said, 'O *Paramhanso!* Saints! Devotees! Your physical self and all the things you have accumulated through your physical efforts – do not fall back in using them for God! If you can do this then all the *maya* in the form of *mamatva-buddhi* and *aham-buddhi* – will be overcome.' Otherwise it will like swimming the entire ocean and then drowning just before getting to the shore. We have to make sure we live with awareness, so that this does not happen.

The devotee of God needs the strength of *atma-nishta* and God's *mahatmya*. The strength of *atma-nishta* means to believe that the Satpurush is my soul, and that Parmatma Parbrahma, the Supreme Lord is forever seated within my self – and for whom I have utmost *dasatva-bhav*[6]! It means the sentiment that I want to please Him, and this body is not mine. Gunatitanand Swami has said in the last *Vaat* of the first section of 'Swami ni Vaato' that, 'This body is perishable.' No matter if you are a young, handsome youth, a child or an old man of seventy or eighty years, but the body is perishable; it is temporary. The soul that lives within the body, is separate from the body. What is the soul like? It is Brahma; it is Akshar and Paramatma Parbrahma resides within it. In saying this, Gunatitanand Swami is pointing out to us that the body is perishable and temporary, and the soul that lives within the body is my Satpurush. Because the Satpurush is Akshar, the Satpurush is my soul, and Parbrahma Parmatma resides within the Satpurush and if you perform your devotion with this understanding, and live according to his *aagna*, then your *deh-bhav* will disappear. That is why the strength of the soul, is the strength of *atma-nishta*. And another thing, to know that 'The Lord who is Supreme, is so great, who is the cause of all incarnations is the one whom I have attained! He who is the ruler of infinite universes, is my *Ishta-Dev*! And these Santo within whom He resides fully, are those for whom I have inseparable, loving association, and so I am so fortunate and so blessed!' This is the type of *mahatmya* that one must have! This is the strength of *atma-nishta* and *mahatmya* that all devotees and Santo should maintain.

Earlier we listened to the example of the two kings who renounced all of their power and status and as sadhus fought over one hook. In this way, it is possible for arguments to arise over material objects. Right now, for so many years, we have all stayed in a given place. But Maharaj used to move people around. He used to move the administrators around, the store-keepers, and even the Santo. Why did He do this? It is because of the way our minds are. If you have stayed in a room for years and you are then asked to change rooms and move somewhere else, you suddenly feel pricked by this. If you are asked to

[6] **Complete surrender and servitude. One who lives for God and whose life is for God.**

give up whatever you are using, you all of a sudden feel vexed by this. The reason is that you have unthinkingly developed *mamatva-buddhi* towards it. And the same can happen for one's own body, whereby you feel this is mine.

When we travel in the satsang, we come across many such grandparents who are really struggling. They cannot hear, they are not able to see, they are not able to eat, they are immobile and have to stay on the bed all day. Then if we were to ask, 'Would you like Maharaj to take you?' They will say, 'No not now, I still want to live to see the face of my great-grandchild.' See! They are sitting tight and holding onto such things. No-one would have the desire to vacate this body, that is how weighty the self-centered inclinations and *aham-buddhi* are. But if one internally understands the perishable nature of the body, then even if Maharaj were to take you tomorrow, you would said, 'no problem, you can take me today!' For all of us renunciants, it is like this, 'that if I am being taken tomorrow, take me today instead.' The reason is that Maharaj is taking us towards Him, and then going to put us back into His *seva*. Where else would He be able to keep us? There is a complete worry-free, relaxed attitude, because He is going to place us in an even better physical body than we have right now.

In the olden times, Maharaj used to move everyone around. He would get them to move rooms, move places, move to different mandirs, move people from here to there and from there to here. Many would find this very difficult, but because of this they would benefit because they would not become stuck to one place. Many people even get stuck to where they sit! They will say, 'I have been sitting in this same seat for the past ten years, so don't you dare change my place! I live in this room, so I will not change. I use this thing, so I will not give it up.' Bhagwan Swaminarayan says, 'All of this is *mamatva-bhav*, it is *moh*, it is *maya.*' And it is to release you from this that He makes you leave it; that He moves you around. He moves you around in satsang; sends you to places to do sabha and so the *mahatmya* we have for our Lord, for Santo and for devotees keeps increasing, and then everything else drops away.

You will feel that God and God's devotees are mine. If you feel *aham-bhav* for God's work, then you will feel that God's work is my work. If we use our *aham-bhav* for the purpose of pleasing God, then the ego and *aham-bhav* associated with our physical self will drop away. And if we lovingly and enthusiastically use whatever material possessions we have for God's devotees, then our *mamatva-bhav* towards material objects will dissolve. There are two things that we need for this, one is *atma-bhav* which means to have inseparable loving association with the Satpurush, and the other is *mahatmya* for the Satpurush.

If you negatively perceive the Satpurush because of your own shortcomings of ego, anger, greed, lust or jealousy, then the outcome is really bad. To start with, your own shortcomings are not dissolving and on top of that you are filled with negativity towards others and so your shortcomings are doubled. However, if you adopt the attitude that 'my negative perception of the Satpurush and devotees is a reflection of my own shortcomings, so please Lord remove these!'; then all your shortcomings will dissolve with this type of positive prayer.

You have to believe your soul to be separate from your body. The soul has no caste or creed. Many understand the soul to be like the sun; but it is not like the sun. The reason is that the sun, or fire is all matter. But the soul is living, because the Lord resides within the soul. How many countless births have we taken? We have drunk an ocean's worth of milk from countless mothers! The body gets old, but the soul is forever young. Gunatitanand Swami has said in one place that, 'The horse is weak, but the rider is strong[7].' If the soul is filled with *mahatmya* and if there is a bubbling eagerness in one's heart to please God, then remember, one never gets old! The body may age but the soul that resides within the body, is ever-green. And remember to remain ever-green, you have to have the constant desire to please God.

Presently, Ashvinbhai, Shantibhai and our *motera* Santo are seventy-five to seventy-eight years old, but they are doing so much *seva* and devotion, right from the

---

[7] **This is a metaphor for the body-soul relationship.**

morning till the evening! They are doing so much running around! Don't you think they get tired? No. The souls that are ever-ready to please God always disregard the body and carry out their devotion. And so God keeps them well. Whereas when you look at others, they become old while they are young and they don't feel like doing anything and they don't feel like going anywhere. But when you have *mahima* in your heart and the bubbling desire to please God, then what is there that you cannot do! This body is surrendered to God! Wherever one has to go and whatever one has to do, one is eagerly and enthusiastically ever-ready! That is *darshan* of the soul's eternal youthfulness.

These *vaato* are like antidote to poison: to have inseparable loving association for the Satpurush, you have *mahatmya* for God and his sadhu and you have the eagerness and enthusiasm to please God. This body has been given by God – it is temporary and perishable. It is after so many lifetimes that we attain a human body. It is so immeasurably precious! So you cannot waste it. We have spent countless lifetimes doing whatever we feel like. We have spent countless lifetimes enjoying material and sensual pleasures, and lived, eaten and drunk with countless people. So now when you have got God, got such Sadhus, got such a satsang, then we want to use this physical self 100% for God's *seva.* If you forge ahead with this sentiment and offer devotion with this understanding of *mahatmya* then it is just like Hanumanji lifting the whole Sanjeevani mountain and in giving the antidote to Shri Laxmanji, all the poison left Laxmanji's body. As the effect of the poison was nullified, Laxmanji regained consciousness. In the same way, with the strength of *atma-nishta* and *mahima* the desire for material and sensual pleasures is dissolved.

The poisoned arrow that pierced Laxmanji was nullified with the antidote. Similarly, our *deh-bhav* – meaning all the jumble of sentiments within our body other than that of pleasing God, all the things the body hungers after – food, drink, all the pleasures, all the inclinations – actions - activities which would not be pleasing to God, and all the sentiments and emotions contained therein; all of these would drop away upon attaining God's *prasannata.* That is what Maharaj is saying.

When Laxmanji drank the antidote all the poisoned arrows simply dropped out. They did not have to be removed. If you were to try to remove an arrow it would be even more painful, damaging the flesh – but these arrows just dropped out. Similarly if we were made to let go of our *deh-bhav*, it would be so painful. But God says, if you carry out your devotion in this way, then all of those things will just drop off – you would not have to forcefully let go of anything; and that itself is true spiritual practice! Swaminarayan Bhagwan's supremacy is this, that He is manifest through such sadhus and is making our spiritual practice so joyful and so comfortable. And in all truth, even though we are doing *sadhana*, we do not even know it, and yet all the worldly inclinations, the *deh-bhav*, all those diseases are automatically dropping away.

When one has such association with the ultimate truth, which is God, then only can one be called a satsangee. When those who are negatively minded hear such talk, they are not able to accept it in their hearts. Those who are negative will see everything the other way. If they take something positively from discourse, it would have a transforming effect. But because they have negative focus and their mental state is negative, all discourse would have the opposite effect for them. Discourses are there to give strength to the soul, but if one takes it completely wrongly, then that is the mark of negative inclination. Such souls cannot understand or accept anything good. They cannot digest it. Whereas one who has positive focus, will accept the good in his heart straight away, and will even begin to put it into practice – and that is why they are so content. That is why we must associate only with those who are positive. Many associate with negative people and then they suffer. But one must associate with those who have a positive attitude, have the sentiment to please God, and are offering their devotion with the inclination to see all as being faultless and divine. These are the people you should associate with.

Sahajanand Swami Maharaj ni Jai! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૨૦ જાન્યુઆરી, સોમવાર...** ઍલનટાઉનથી પધારેલ હરીશભાઈ જોષી અને પરિવારના મુક્તોને તથા ફિલાડેલ્ફિયાથી પધારેલ પિનાકીનભાઈ-હેમુબહેનને સત્કારી મુલાકાત આપી. સાંજે યુ.એસ.એ. પરત પધારતાં જિતુભાઈ-મનીષાબહેનને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ જાન્યુઆરી, મંગળવાર...** સવારે પ.પૂ. સોનાબાના નિર્વાણ સ્મૃતિદિને તેઓના સમાધિસ્થાને દર્શન-પ્રાર્થના કરી ભાવાંજલિ અર્પણ કરી. આંખની સારવાર માટે ડૉ. બિપિનભાઈની ક્લિનિકમાં પધાર્યા. સાંજે ડૉ. મેહુલભાઈ બ્રહ્મજ્યોતિ પધાર્યા તેઓને મુલાકાત આપી. રાત્રે મંદિરમાં યોજેલ સભામાં પધારી પ.પૂ. સોનાબાના નિર્વાણ સ્મૃતિદિન પ્રસંગે તેમજ ડૉ. જિતુભાઈ (પિયોરિયા)ના જન્મદિન નિમિત્તે અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ જાન્યુઆરી, બુધવાર...** દર બુધવારે સાંજે યોજાતી વ્રતધારી ભાઈઓની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. નૂતન મંદિરના નિર્માણકાર્યમાં સૌ વ્રતધારી સંત ભાઈઓએ સર્વાંગી રીતે સેવા-ભક્તિ કરી તેથી ખૂબ પ્રસન્નતા વરસાવી.

**૨૩ જાન્યુઆરી, ગુરુવાર...** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ૫૦મી નિર્વાણતિથિ નિમિત્તે શિખરબદ્ધ મંદિરે શ્રી ઠાકોરજીની આરતી ઉતારી. હૃદયકુંજ-અભિષેક મંડપના પ્રાંગણમાં યોજેલ સભામાં પધારી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. સાંજે વૈષ્ણવાચાર્ય ૧૦૮ ગોસ્વામી પ.પૂ. દ્વારકેશલાલજી મહારાજના દીકરાના લગ્નપ્રસંગે પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે અનેક સાધુ-સંતો, કથાકાર આદિ મહાનુભાવોને મળવાનું થયું. ત્યાંથી પરત બ્રહ્મજ્યોતિ પધારી બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીજી મહારાજના નિર્વાણ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ વિશિષ્ટ કીર્તનસંધ્યામાં પધારી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ જાન્યુઆરી, શુક્રવાર...** સવારે મંગલપૂજામાં ઑસ્ટ્રેલિયાથી પધારેલ દિલીપબાપુ-બીનાબાને લાભ આપ્યો. રાજકોટથી પધારેલ મુકુંદભાઈ-ધર્મિષ્ઠાબહેન તથા વેનકુંવરથી પધારેલ દીકરા ચિ. વિવેક અને તાજેતરમાં દીક્ષાગ્રહણ કરી તે અનુજ દીકરા પૂ. જેનિશને સત્સંગગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૫ જાન્યુઆરી, શનિવાર...** સવારે ખારઘરથી પધારેલ રમેશભાઈ-નયનાબહેન, યુ.એસ.એ.થી પધારેલ શીતલબહેન તથા વડોદરાથી પધારેલ શંકરભાઈ-અ.નિ. ગોવિંદભાઈ પરિવારનાં સૌ અક્ષરમુક્તોને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ જાન્યુઆરી, રવિવાર...** યોગી વિદ્યાપીઠમાં ભારતના ૭૧મા પ્રજાસત્તાકદિનની ઉજવણી પ્રસંગે પધારી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. વાસદની વિષ્ણુ પલ્સ મિલ્સના માલિક શ્રી મનુભાઈ પટેલને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે ઉપાસનાધામ, અમદાવાદમાં યોજાયેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાએ વચનામૃત કથા પારાયણમાં સૌને અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો તેથી ખૂબ પ્રસન્નતા વરસાવી.

**૨૭ જાન્યુઆરી, સોમવાર...** નૂતન મંદિરે દર્શનાર્થે પધારેલ જાણીતા શ્રીરામ કથાકાર પૂ. ત્રિલોચનાદેવીને સત્કારી, મુલાકાત આપી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે સરદાર પટેલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. બી. જી. પટેલને મુલાકાત આપી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૮ જાન્યુઆરી, મંગળવાર...** સવારે શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુરના અનુયાયી સક્રિય કાર્યકર્તાઓને મંદિરમાં સાથે બેસાડીને સત્સંગલાભ આપ્યો. વિશેષ શ્રીમદ્ રાજચંદ્રના મહિમાની અદ્‌ભુત વાતો કરી. યુ.એસ.એ.નાં મહેન્દ્રભાઈ રાય-કુસુમબહેનને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. સાંજે અનુપમ સ્વજન ગિરીશભાઈ નાણાવટી-વનુબહેનને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા.

**૨૯ જાન્યુઆરી, બુધવાર...** સાંજે ઍલિકોન ગ્રુપ ઑફ ઈન્ડસ્ટ્રિઝના ચૅરમૅન શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલને નૂતન મંદિરમાં દર્શન કરાવ્યાં. સમન્વય ઑફિસમાં યોજેલ મીટિંગમાં પધારી ગોષ્ઠિનો લાભ આપ્યો. શ્રી પ્રયાસ્વિનભાઈના પિતાશ્રી અ.નિ. ભાનુભાઈ પટેલનું સ્ટૅચ્યૂ નિર્માણ પામ્યું તેને નિહાળી, તેને સ્થાપિત કરવા અંગે ગોષ્ઠિ થઈ.

**૩૦ જાન્યુઆરી, ગુરુવાર...** સવારે DDIT ડીમ્ડ યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદભાઈ દેસાઈને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. રાત્રે પારમિતા મંદિરે વસંતપંચમી, શિક્ષાપત્રી જયંતી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી તથા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના પ્રાગટ્યપર્વની સભામાં સૌને અદ્‌ભુત આશીર્વાદ આપ્યા. યુ.એસ.એ. પરત પધારતા સદ્‌ગુરુ સંત પ.પૂ. બૅરિસ્ટરસાહેબ, પૂ. નરેન્દ્રભાઈ, પૂ. આશિષભાઈ તથા વિદેશ પરત પધારતા ભક્તોને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ જાન્યુઆરી, શુક્રવાર...** સાંજે કરમસદમાં સૂર્યકાંતભાઈ તથા દીકરી કલ્પનાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા.

**૧ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે અમદાવાદ ઉપાસનાધામ મંદિરે તૃતીય પાટોત્સવમાં પધારી મૂર્તિઓની પૂજનવિધિ કરી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે વઢવાણ શ્રી સ્વામિનારાયણ મંદિરે દર્શનાર્થે પધાર્યા. સુરેન્દ્રનગરમાં કંચનબહેન આંબલિયા-ભરતભાઈના ઘરે પધરામણી કરી પરિવારજનોની ભક્તિને ગ્રહણ કરી આશીર્વાદ પાઠવી મોરબી પ્રતિ પ્રયાણ કર્યું. રાત્રે મોરબીમાં મહેશભાઈ-જાગૃતિબહેનના ઘરે પધરામણી કરી તેઓની નિરંતર ભક્તિનાં દર્શન કરી પ્રસન્નતા વરસાવી. કનુભાઈ ભટાસણા-નીતાબહેનના ઘરે રાત્રિરોકાણ કર્યું.

**૨ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે અનુપમ મિશનના નાની વાવડી કેન્દ્રના મંદિરે પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં. સભામાં સૌ સ્થાનિક ભક્તોને આશિષ પાઠવી. ભાદરા મંદિરે જતાં રસ્તામાં મહેશભાઈની જમીન ઉપર નિર્માણ કરેલ સોલાર પ્લાન્ટમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. ભાદરા ગામે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યસ્થાન મંદિરે દર્શનાર્થે પધારી પ્રાર્થના કરી, સૌ ભક્તોને લઈ ઊંડ નદીએ પધારી પ્રાસાદિક વડના ઝાડ નીચે સભા કરી સૌને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે જૂનાગઢ, મોરબી અને કચ્છથી પધારેલ ભક્તો ઉપર પ્રસન્નતા વરસાવી. ડાંગરા ગામે બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામીના સમાધિસ્થાને પધારી દર્શન પ્રાર્થના કર્યાં તથા સ્થાનિક ભક્તો સાથે ગોષ્ઠિ કરી. રાજકોટ તરફના મુખ્ય હાઈવે ઉપર આવેલ રસિકભાઈના ફાર્મ હાઉસમાં પધારી સ્થાનિક ભક્તોને સુખ આપ્યું. વાનકુવર-કૅનેડા પરત પધારતા રાજકોટના યુવક વિવેક સરવૈયાને વિદાયવેળાએ શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. મેવાસા ગામે બ્રહ્મસ્વરૂપ ગુરુ કૃષ્ણજી અદાના પ્રાગટ્યસ્થાને પધારી ધૂન-પ્રાર્થના કરી સ્થાનિક ભક્તો પાસે પ્રસાદીના સ્થળ વિશે ગોષ્ઠિ કરી. મોડી રાત્રે માણાવદર મંદિરે પધારી રાત્રિરોકાણ કર્યું.

**૩ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે માણાવદર મંદિરમાં દર્શન, ધૂન, પ્રાર્થના કરી, તેઓના ૮૦મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજના સાક્ષાત્કારદિન નિમિત્તે યોજેલ સભામાં પધારી પ.પૂ. કાકાજીનાં જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી.

**૪ ફેબ્રુઆરી, મંગળવાર...** સવારે ગોંડલ અક્ષર મંદિરે દર્શનાર્થે પધારી ધૂન-પ્રાર્થના-પ્રદક્ષિણા કરી યોગીબાપા સાથે રહ્યા હતા તે દિવ્ય સ્મૃતિનો આનંદ માણ્યો. ફરેણી ગામમાં 'સ્વામિનારાયણ' મહામંત્રના ઉદ્‌ઘોષ સ્થાનની વાડીમાં પધાર્યા. સાંજે સરદારગઢમાં રામચોકડી ઉપર આવેલ રામભાઈ ચપલાની દુકાને પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ માણાવદર મંદિરે કર્યું.

**૫ ફેબ્રુઆરી, બુધવાર...** સવારે માણાવદર મંદિરે દર્શન કરી તથા સ્થાનિક સૌ સંતો-ભક્તોની ભાવભરી વિદાય લઈ જૂનાગઢમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા નિર્મિત અને જ્યાં તેઓ ૪૦ વર્ષથી વધુ સમય રહ્યા હતા તે પ્રસાદીના જૂના શ્રી સ્વામિનારાયણ મંદિરે ધૂન-પ્રાર્થના-દર્શન કરી, જ્યાં ગુણાતીતાનંદ સ્વામી નિત્ય પ્રત્યે સ્નાન કરવા પધારતા તે 'નારાયણ ધરે' પધાર્યા. બપોરે વિસાવદર અનિલભાઈ કાછડિયાના ઘરે પધારી સભામાં સ્થાનિક ભક્તોને લાભ આપ્યો. સાંજે ધારી પધાર્યા. રાત્રે હૉસ્ટેલના હૉલમાં યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ ધારીમાં કર્યું.

**૬ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે ધારીથી બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામીના પ્રાગટ્યસ્થાન આંબરડી પધારી ધૂન-પ્રાર્થના કરી. મહુવામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્યસ્થાને પધારી ધૂન-પ્રાર્થના કરી. ભરતભાઈ વાળાના ઘરે પધરામણી કરી. હાલ અમદાવાદ નિવાસી હિંમતભાઈ કૉન્ટ્રાક્ટરના વતનના ચીખલી ગામે પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવી રાત્રે ધારી પધારી રાત્રિરોકાણ કર્યું.

**૭ ફેબ્રુઆરી, શુક્રવાર...** સવારે ધારીમાં 'યોગીજી મહારાજ મહાવિદ્યાલય'ના વાર્ષિકોત્સવમાં પધારી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. બપોર પછીથી ધારી યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાનના શિખરબદ્ધ મંદિરે દર્શનાર્થે પધારી ધૂન-પ્રાર્થના કરી. રાત્રે હૉસ્ટેલમાં સભા કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૮ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે ધારીથી નીકળી જસદણ હિંમતભાઈના ઘરે પધરામણી કરી મંડળના મુક્તોને આનંદ અપાવી રાત્રે બ્રહ્મજ્યોતિ મંદિરે પરત પધાર્યા. શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં સૌ ભક્તોને સૌરાષ્ટ્ર તીર્થયાત્રાની સ્મૃતિ કરાવી તેમજ સૌરાષ્ટ્ર પ્રદેશના સદ્‌ગુરુ સંત પ.પૂ. અરુણભાઈ તેમજ પૂ. રણછોડભાઈની સેવા-ભક્તિને બિરદાવી ખૂબ પ્રસન્નતા વરસાવી.

**૯ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે અંકલેશ્વરથી પધારેલ યુવાનોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના અગ્રણી વડીલો શ્રી મણિભાઈ, શ્રી નગીનભાઈ, ચારુતર વિદ્યામંડળના શ્રી ભીખુભાઈ તથા સ્થાનિક ડૉક્ટરોને ગોષ્ઠિનો લાભ આપ્યો. ઉપરાંત નૂતન મંદિરે, 'તીરથ' તેમજ 'હૃદયકુંજ'માં દર્શનાર્થે લઈ જઈ ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ યોગીપ્રસાદના પ્રાંગણમાં યોજેલ ઊંધિયા ઉત્સવમાં સૌને બ્રહ્માનંદ કરાવ્યો.

**૧૦ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે યુ.કે. સ્થિત ડૉ. તપનભાઈ પટેલને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે વડોદરા સ્થિત ડૉ. ભરતભાઈ મોદી-હર્ષિદાબહેનના ફાર્મહાઉસમાં યોજેલ કીર્તનસંધ્યામાં પધારી અનુપમ સૂરવૃંદ દ્વારા પ્રસ્તુત કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ ફેબ્રુઆરી, મંગળવાર...** સવારે ધર્મજથી પધારેલ જયેન્દ્રભાઈ અને મુક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે યુ.એસ.એ. પરત પધારતાં વીરેન્દ્રભાઈ-મંજુબહેનને તથા રાત્રિસભામાં ડૉ. જિતુભાઈ-રીટાબહેનને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવી તેઓની સેવા-ભક્તિને બિરદાવી પ્રસન્નતા દર્શાવી.

**૧૨ ફેબ્રુઆરી, બુધવાર...** સવારે વડોદરાથી પધારેલ ડૉ. પીયૂષભાઈને સત્કાર્યા. વિશેષ યુ.એસ.એ. પરત પધારતાં પારુલબહેનને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. સાંજે યુ.એસ.એ.થી પધારેલ બારીન્દ્રભાઈ દેસાઈને સત્કાર્યા. ગુણાતીત જ્યોતનાં ૩૫૦થી વધુ સંત બહેનો બ્રહ્મજ્યોતિમાં પધાર્યાં, તે સૌને સત્કારી સભામાં તેઓનાં અભિવાદન કરી, શાલ અર્પણ કરી સન્માન કર્યાં.

**૧૩ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે આણંદના સંકેત સેલ્સ ઈન્ડિયાના માલિક શ્રી ડી. સી. પટેલને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. યુ.એસ.એ.-રિચમંડથી પધારેલ ભાવેશભાઈ-કિરપાબહેનને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે હૈદરાબાદથી પધારેલ અંકિતભાઈ શરાફને તેમજ યુ.એસ.એ.થી પધારેલ છાયાબહેન, અમિતાબહેન-મિલનકુમારને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૪ ફેબ્રુઆરી, શુક્રવાર...** યુ.એસ.એ. પરત પધારતાં મીનેશભાઈ, મિલનકુમાર-અમિતાબહેન, છાયાબહેનને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે સાંકરદામાં પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના પ્રાગટ્યદિને તેઓના નૂતન સમાધિસ્થાનના લોકાર્પણ પ્રસંગે પધારી તેઓનાં જીવન-માહાત્મ્યના પ્રસંગોની સ્મૃતિ કરી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. રાત્રે યુ.કે. પરત પધારતાં દર્શનાબહેન ઠક્કરને સત્સંગ-ગોષ્ઠિનો અદ્‌ભુત સત્સંગલાભ આપી વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ ફેબ્રુઆરી, રવિવાર...** સવારે અ.નિ. કમળાબા તિવારીની પ્રથમ પુણ્યતિથિએ તેમજ મૂળ ખંભાત-નિવાસી અ.નિ. વિજયભાઈ કાછિયાની ત્રયોદશી પ્રસંગે પારમિતા મંદિરે યોજેલ મહાપૂજા-સભામાં પધારી ઉપસ્થિત પરિવારજનો તેમજ મંડળના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે હરિધામ સોખડાથી પ.પૂ. પ્રેમબહેન અને સંત બહેનો પધાર્યાં. તેઓને મળીને નડિયાદમાં શારદા મંદિર સ્કૂલના ૫૩મા વાર્ષિકોત્સવમાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે ગાંધીજીના જીવન પર આધારિત નાટક 'મોહનિયો' નિહાળી ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી. નાટકના લેખક, દિગ્દર્શન ટીમ તેમજ કલાકારોને અભિનંદન સહ આશિષ પાઠવી. વિશેષ વ્રતધારી સંત પૂ. સુનીલભાઈ પંડ્યા તથા સમગ્ર શિક્ષકોની સેવા-ભક્તિને બિરદાવી સૌ ઉપર રાજીપો વરસાવ્યો.

**૧૭ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે યુ.એસ.એ. પરત પધારતા પથિકભાઈને આશીર્વાદ પાઠવ્યા. મૂળ યુ.કે.ના હાલ વલ્લભવિદ્યાનગર નિવાસી નરેનભાઈ ઠકરાર તેમજ પરિવારજનોને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૮ ફેબ્રુઆરી, મંગળવાર...** સવારે અમદાવાદમાં એપેક્સ હૉસ્પિટલમાં ડૉ. તેજસભાઈ પાસે રુટિન મેડિકલ ચેકઅપ કરાવ્યું. બપોરે દ્વિજેનભાઈ પંચાલ-સમીરાબહેનના ઘરે પધરામણી કરી. ત્યાં નૂતન મંદિરના આર્કિટેક્ટ શ્રી કિરણભાઈ ત્રિવેદી તેમજ ટીમ સાથે નૂતન મંદિરના આગામી કામકાજ અંગે મીટિંગ કરી. સાંજે આંખની તપાસ અને સારવાર માટે ડૉ. સંજયભાઈની ક્લિનિક ઉપર પધાર્યા. ત્યારબાદ ઉપાસનાધામ મંદિરે પધારી ઉપસ્થિત અમદાવાદ મંડળના ભક્તોને અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧૯ ફેબ્રુઆરી, બુધવાર...** સવારે વેમારથી પધારેલ ઉમેશભાઈ–રોમાબહેનને આશીર્વાદ આપ્યા. સાઠંબાથી પધારેલ વસંતભાઈ–ઈન્દુબહેન તથા લવિંગમલ સિંધીને સત્કાર્યા. લવિંગમલની નૂતન દુકાનના લોકાર્પણનું નિમંત્રણ સ્વીકારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે વેમારથી સપરિવાર પધારેલ બળદેવભાઈને તેઓના સ્વાસ્થ્યલાભ માટે આશીર્વાદ પાઠવ્યા. બપોરે સરકારીતંત્રની સૂચના મુજબ અમેરિકાના પ્રમુખશ્રી ટ્રમ્પના સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા જનાર માટે તૈયાર કરવામાં આવેલ ફૂડ પૅકેટની સેવા કરતા કાર્યકર્તાઓ પાસે પધારી આશીર્વાદ પાઠવ્યા. સંધ્યા આરતી બાદ વડોદરાનિવાસી ભક્તરાજ હસમુખભાઈના સ્વાસ્થ્યલાભ માટે આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ ફેબ્રુઆરી, શુક્રવાર...** સવારે કચ્છ પ્રતિ પ્રયાણ કર્યું. બપોરે કંડલા–ગાંધીધામમાં રૅડિસન હૉટલમાં સ્થાનિક ધારાસભ્ય શ્રીમતી નીમાબહેન આચાર્ય, ધવલભાઈ તથા સ્થાનિક હરિભક્તોના સ્વાગતભાવનો સ્વીકાર કર્યો. સાંજે હૉટલથી ધર્મભક્તિ નિકેતન આશ્રમ 'નીલકંઠવર્ણી' વિદ્યાલય–શિણાય સુધી યોજેલ શોભાયાત્રા દ્વારા આશ્રમમાં પધાર્યા. યુવતીઓ દ્વારા પ્રસ્તુત સ્વાગતનૃત્યને નિહાળી ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે સભામાં મંડળના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે મંગલપૂજામાં તેમજ મિલનસભામાં સ્થાનિક ભક્તોને મંગલ આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'નીલકંઠવર્ણી' વિદ્યાલયમાં પધારી સૌ બાળકો તેમજ શિક્ષકો સાથે ફોટા પડાવી સ્મૃતિ આપી. ત્યારબાદ વાર્ષિકોત્સવમાં પધાર્યા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રીમતી નીમાબહેન આચાર્ય, ધવલભાઈ, શિણાય ગામના સરપંચ શ્રી ગોપાલભાઈનાં અભિવાદન કર્યાં બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી ધન્યતા અનુભવી. કાર્યક્રમને અંતે ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. 'નીલકંઠવર્ણી' વિદ્યાલયમાં કાર્યરત સૌ શિક્ષકો-કર્મચારી મુક્તોની સેવાને બિરદાવી વિશેષ રાજીપો વરસાવ્યો.

**૨૩ ફેબ્રુઆરી, રવિવાર...** શ્રીમતી નીમાબહેન આચાર્ય સંચાલિત અનાથ બાળકોના આશ્રમ 'માનવ સેવા ટ્રસ્ટ'માં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. અંજારમાં ધવલભાઈ આચાર્યના ફાર્મહાઉસ તેમજ નિર્માણ થઈ રહેલ હૉટેલમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. પ્રતાપભાઈ સરૈયાના ઘરે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના કરી તથા પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. ભૂજમાં હીરજીભાઈના ઘરે પધરામણી કરી. ધોરડા ગામે સફેદ રણમાં ભક્તોની સાથે પધારી સભામાં સૌને બ્રહ્માનંદ કરાવ્યો. માણાવદરના સૌ સંતો–ભક્તોની સેવાને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. ટૅન્ટસિટીની મુલાકાત લીધી.

**૨૪ ફેબ્રુઆરી, સોમવાર...** સવારે ગાંધીધામ રૅડિસન હૉટેલમાં પ્રાતઃપૂજામાં સૌ સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. આદિપુરમાં હીરાભાઈ–સગુણાબહેનની દુકાને તથા અમિતભાઈની દુકાને પધરામણી કરી આશિષ પાઠવી આપણા ધર્મભક્તિ નિકેતન આશ્રમમાં પધારી, સૌ મુક્તોને આશિષ પાઠવી બ્રહ્મજ્યોતિ, મોગરી પ્રતિ પ્રયાણ કર્યું.

**૨૫ ફેબ્રુઆરી, મંગળવાર...** સવારે વડોદરાથી પધારેલ ડૉ. એન. સી. પટેલને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો. ચેન્નાઈથી પધારેલ ઝવેરીભાઈ–રક્ષિતાબહેનને સત્કારી આશીર્વાદ આપ્યા.

**૨૬ ફેબ્રુઆરી, બુધવાર...** સવારે નૂતન વ્રતધારી સંત ભાઈઓ સાથે ફોટા પડાવી સ્મૃતિ આપી. બપોરે સેલમથી પધારેલ રણછોડભાઈ–જયાબહેનનાં સ્વાગત કરી, શ્રી ઠાકોરજીનાં દર્શન કરાવી આશીર્વાદ પાઠવ્યા. મઢીથી પધારેલ હરિભક્તોને મળ્યા અને રાત્રે યુ.એસ.એ. પરત પધારતાં કમળાબા ટેલરને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ ફેબ્રુઆરી, ગુરુવાર...** સવારે અમદાવાદથી પધારેલ ચુનીભાઈ અને પરિવારજનોને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે મુંબઈથી પધારેલ વૈશાલીબહેન રાવલને તથા પરિવારને આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઍલિકોન ઍન્જિનિયરિંગ કું.ના ચૅરમૅન તથા મૅનેજિંગ ડાયરેક્ટર પ્રયાસ્વિનભાઈ–તરુબહેનની દીકરી આકાંક્ષા–આયુષનાં લગ્નપ્રસંગે મધુભાન રિસૉર્ટમાં પધારી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે જસદણથી પધારેલ યુવકોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ ફેબ્રુઆરી, શુક્રવાર...** બપોરે ઍલનટાઉન, યુ.એસ.એ. પરત પધારતા વ્રતધારી સંત પૂ. કૌશિકભાઈને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. સાંજે વડોદરાથી પધારેલ ડૉ. ભરતભાઈ મોદીને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૯ ફેબ્રુઆરી, શનિવાર...** સવારે યુ.એસ.એ.થી પધારેલ સુશીલાબહેનને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. નૂતન મંદિરના કૉન્ટ્રાક્ટ શ્રી કિરણભાઈ ત્રિવેદી સાથે મીટિંગમાં પધારી જરૂરી માર્ગદર્શન આપ્યાં. ◆

# સત્સંગ સમાચાર

## સંતભગવંત સાહેબજીની સૌરાષ્ટ્ર ધર્મયાત્રા

સંતભગવંત સાહેબજી ૧થી ૮ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમિયાન નૂતન વ્રતધારી સંતો, ભક્તોને લઈને વઢવાણ, મોરબી, માણાવદર, ભાદરા, મેવાસા, કાલવાણી, લોજ, પંચાળા, ગોંડલ, ફરેણી, પીપલાણા, જૂનાગઢ, ધારી, આંબરડી, મહુવા, ચીખલી આદિ સૌરાષ્ટ્રનાં પ્રાસાદિક તીર્થસ્થાનોની ધર્મયાત્રાએ પધાર્યા.

૨ ફેબ્રુઆરીની રાત્રે માણાવદર પધાર્યા. ૩ ફેબ્રુઆરીના રોજ કાકાજી મહારાજના સાક્ષાત્કારદિન અને સંતભગવત સાહેબજીના ૮૧મા પ્રાગટ્યદિન નિમિત્તે સંતોનાં માર્ગદર્શને યુવાનોએ મંદિરમાં ખૂબ જ સરસ સુશોભન કર્યું અને ૧૦૫ વાનગીનો અન્નકૂટ શ્રી ઠાકોરજીને ધરાવ્યો. સભામાં સૌરાષ્ટ્ર પ્રદેશનાં વિવિધ મંડળોના ભક્તો હાજર રહ્યા. ડૉ. અમીબહેન, છાયાબહેન, ડૉ. વીરેન્દ્રભાઈ તથા પૂ. રણછોડભાઈએ સાહેબદાદાના મહિમાની તથા તેઓના સંતો-ભક્તોના મહિમાની અદ્‌ભુત વાતો કરી સાહેબદાદાનું યથાર્થ સ્વરૂપ ઓળખાવ્યું. ત્યારબાદ સંતભગવંત સાહેબદાદાએ માણાવદર અક્ષરદેરી, બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના જીવનનું અદ્‌ભુત દર્શન કરાવ્યું અને પ્રગટની ઉપાસના સર્વના જીવનમાં સાકાર થાય એવા રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

સાંજે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજના સાક્ષાત્કારદિનની સભા થઈ. આ સભામાં યુવાનોએ કાકાજી મહારાજના મહિમાનાં સુંદર ભજનો ગાયાં. ત્યારબાદ મોરીસાહેબ, પૂ. રણછોડભાઈ, ડૉ. જિતુભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. ત્યારબાદ સાહેબદાદાએ ખૂબ જ રાજી થઈ સૌની ભક્તિમાં વધારો થાય એવા આશીર્વાદ આપ્યા.

૪ ફેબ્રુઆરીના રોજ સવારે સૌ સાહેબદાદા સૌ સંતો-ભક્તોને લઈને ગોંડલ અને ફરેણી દર્શન કરવા માટે પધાર્યા. સાંજે માણાવદર મંદિરે સાહેબદાદાના સાંનિધ્યમાં પૂ. તુષારભાઈએ ભજનોની રમઝટ બોલાવી સૌને કીર્તન-ભક્તિમાં તરબોળ કરી દીધા. ૫ ફેબ્રુઆરીની સવારે સાહેબદાદાએ સૌ ભક્તો સાથે જૂનાગઢ તરફ પ્રયાણ કર્યું. સમગ્ર યાત્રા દરમિયાન પૂ. રણછોડભાઈ, પૂ. દિનેશભાઈ, પૂ. અશોકભાઈ અને સંતોનાં માર્ગદર્શને સૌ ભક્તોએ ભેગા મળી સેવા કરી સાહેબદાદાની પ્રસન્નતા પ્રાપ્ત કરી. નવદીક્ષિત સંતો માટે સાહેબદાદાના સાંનિધ્યમાં આ ધર્મયાત્રા ચિરસ્મરણીય બની રહી. ◆

(પૂ. હરેશભાઈ ઝાલાવાડિયા અહેવાલ પરથી સંકલિત)

## સંતભગવંત સાહેબજીની કચ્છયાત્રા

કચ્છની પ્રાસાદિક ભૂમિ પર વસતા ભક્તોને સત્સંગલાભ પ્રદાન કરવા સંતભગવંત સાહેબજી નવદીક્ષિત સંતો-ભક્તોને લઈને પધાર્યા. ૨૧ ફેબ્રુઆરીના રોજ યાત્રાનો પ્રારંભ કરી બપોરે ગાંધીધામ સ્થિત રેડિસન હૉટેલ પધાર્યા, જ્યાં અનુપમ સ્વજન સુશ્રી નીમાબહેન આચાર્ય, તેમના ભત્રીજા ધવલભાઈ આચાર્ય તેમજ સ્થાનિક ભક્તો દ્વારા કચ્છી પાઘ, શાલ ઓઢાડી સાહેબજીનાં વિશિષ્ટ શૈલીમાં સ્વાગત કરાયાં.

સાંજે સાહેબજીના ઉતારાસ્થાનથી શિણાય આશ્રમ સુધી ભવ્ય સ્વાગતયાત્રા યોજાઈ. મોટરસાઈકલ પર ધજા સાથે સવાર યુવાનોની રેલી



માણાવદર મંદિરમાં સાહેબજીના ૮૧મા પ્રાગટ્યપર્વની માહાત્મ્યદર્શન સભા



માણાવદર મંદિરમાં કાકાજી સાક્ષાત્કારદિને સાહેબજીના સાંનિધ્યે માહાત્મ્યવંદના

અને માર્ગની બંને બાજુ હરોળમાં ઊભા રહી ભક્તોએ પ્રેમભર્યાં સ્વાગત કર્યાં. દીકરીઓએ સ્વાગતનૃત્ય રજૂ કર્યાં. પ્રથમ દિવસથી જ થાકને અવગણીને સાહેબજીએ સૌ ભક્તોને સત્સંગનું સુખ આપ્યું.

૨૨ ફેબ્રુઆરીની સવારે સૌએ અંજાર ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર, પીપલેશ્વર મહાદેવ દર્શનાર્થે પધાર્યા અને જેસલ-તોરલ સમાધિની મુલાકાત લીધી. ત્યારબાદ હૉટેલના વિશાળ હૉલમાં સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં મંગલમિલન સભા યોજાઈ, જેમાં કચ્છના ભક્તોની સાથે મોરબી, માણાવદર, જૂનાગઢ, વિસાવદર આદિ મંડળોના ભક્તોએ પણ દૂર દૂરથી આવીને લાભ લીધો. સભામાં સાધુ પૂ. દિલીપભાઈ, પૂ. ગૌતમભાઈ, પૂ. રણછોડભાઈ તેમજ કાનજીબાપા દ્વારા મહિમાગાન થયાં. અંતે સાહેબજીએ યુવાન ભક્ત ધવલભાઈ અને પરિવારની સેવાને બિરદાવી ખૂબ જ રાજીપો દર્શાવ્યો તથા સૌને આત્માનાં કલ્યાણ માટે જાગ્રતતાથી નિર્દોષબુદ્ધિ સાથેની ભક્તિ કરવા જણાવી રૂડા આશીર્વાદ વરસાવ્યા.

સાંજે અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત શ્રી નીલકંઠવર્ણી વિદ્યાલયનો વાર્ષિકોત્સવ સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે યોજાયો. સાહેબજીએ વહેલા પધારી બાળકો સાથે સમય વિતાવી ફોટોગ્રાફ-સ્મૃતિ આપી. સ્કૂલનાં આચાર્યા તેમજ નિષ્ઠાવાન ભક્ત અમીબહેનનાં માર્ગદર્શન હેઠળ નાનાં ભૂલકાંઓ દ્વારા શાળાકીય જીવન વિષય પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે રજૂ કરાયો.

૨૩ ફેબ્રુઆરીએ સવારે મંગલપૂજા બાદ સાહેબજી માનવસેવા ટ્રસ્ટ આશ્રમમાં પધાર્યા, જ્યાં ભૂકંપપીડિત બાળકોને દત્તક લઈ આશ્રય આપવામાં આવે છે. સાહેબજીએ બાળકોને 'સ્વામી અને નારાયણ' ધૂન ગવડાવી. સૌથી હોશિયાર બે દીકરાઓને અને બે દીકરીઓને આજીવન સુંદર શિક્ષણ પ્રાપ્ત કરવા શિષ્યવૃત્તિ આપી તેમજ તેઓના આર્થિક નિભાવ કરવાનું વચન આપ્યું. બાળકોને ખૂબ જ સુંદર આશીર્વાદ આપી જીવન જીવવાની રીત શીખવી.

ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ ધવલભાઈના નવા બની રહેલા ફાર્મ પર, પ્રતાપભાઈ સરૈયાના ઘરે પધરામણી કરી ભૂજમાં હીરજીભાઈના ઘરે પધાર્યા. સાહેબજીની પધરામણીઓનો દોર મોડી બપોર સુધી ચાલ્યો, જે દરમિયાન સંતો-ભક્તોએ ભૂજ ખાતેના મહારાજનાં પ્રાસાદિક સ્થાનોનાં, મંદિરોનાં દર્શન કર્યાં તથા નવા મંદિરની ભવ્યતા નિહાળી ધન્યતા અનુભવી.

સાંજે સાહેબજીએ સૌ સંતો-ભક્તો સાથે કચ્છના સફેદ રણ ધોરડો ખાતે પધારી, તે સ્થળની સુંદરતા નિહાળી. સાહેબદાદા આ સ્થાને પ્રથમ વખત પધારતા હોવાથી સૌ ભક્તોએ તેઓને ઊંટગાડીમાં બિરાજમાન કરી 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરી રણમાં લઈ આવ્યા ને ભક્તિ અદા કરી. આજુબાજુનાં પરિચિત-અપરિચિત સૌને સાહેબજીનાં અદ્‌ભુત દર્શન પ્રાપ્ત થયાં.

રણમાં સભા યોજાઈ. સાહેબજીએ ખૂબ અદ્‌ભુત આશીર્વાદ આપ્યા ને ધૂન કરાવી ખૂબ સ્મૃતિઓ આપી. રાત્રિના અંધારામાં ગાડીઓની હેડલાઇટના પ્રકાશમાં માણાવદરના સંત પૂ. દિનેશભાઈ અને ભક્તોએ કરેલ સુંદર વ્યવસ્થાથી સૌએ ગરમાગરમ ભોજન માણ્યું. ૨૪ ફેબ્રુઆરીએ સવારે સાહેબજીએ હૉટેલની રૂમમાં પૂજા બાદ સભામાં સૌ સ્થાનિક ભક્તોને સુંદર આશીર્વાદ પાઠવ્યા બાદ સૌની વિદાય લઈ બ્રહ્મજ્યોતિ તરફ પ્રયાણ કર્યું. ◆



શિણાય મંદિરે સ્વાગતયાત્રા બાદ સાહેબજીનાં આશીર્દાન




નીલકંઠવર્ણી વિદ્યાલય, શિણાયના વાર્ષિકોત્સવના દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ





અનુપમ મિશન સંચાલિત શિણાય કેન્દ્રમાં સાહેબજીનાં ભવ્ય સ્વાગત... સ્થાનિક યુવકો દ્વારા સ્વાગતયાત્રા... યુવતીઓ દ્વારા નૃત્યભક્તિ અર્પણ...



સુશ્રી નીમાબહેન આચાર્ય અને સ્થાનિક ભક્તો દ્વારા કચ્છીશૈલીમાં સાહેબજીનાં સ્વાગત



કચ્છના સફેદ રણમાં સાહેબજીના સાંનિધ્યે માહાત્મ્યસભા



રેડિશન હૉટેલના હૉલમાં યોજાયેલ સભામાં સંતભગવંત સાહેબજીના આશીર્વાદ





સાહેબજીના સાંનિધ્યે સફેદ રણમાં ઊંટગાડી તેમજ ટૅન્ટસિટીનો આનંદ માણતા ભક્તો




માનવ સેવા ટ્રસ્ટમાં બાળકોને સાહેબજીનાં આશીર્દાન


**Statement about ownership and other particulars about newspaper**

**BRAHMANIRZAR**

(FORM IV, Rule 8)

1. Place of publication : Brahmajyoti, Mogri 388 345, Gujarat
2. Periodicity of Publication : Monthly
3. Printer's name, Nationality & Address : Shri Pradip S. Giri, Indian, Prizam Printers and Publishers Ltd. Premsagar, Nr. Madhuli Restaurant, Vallabhvadi, Bhairavnath Road, Maninagar, Amdavad-8, Gujarat
4. Publisher's name, Nationality & Address : Shri Shantibhai F. Patel, Indian, Brahmajyoti, Mogri 388 345, Gujarat
5. Editor's name, Nationality & Address : Shri Shantibhai F. Patel, Indian, Brahmajyoti, Mogri 388 345, Gujarat
6. Name & Address of individuals who own the newspaper, shareholders and partner or Shareholders holding more than one percent of the total capital. : Anoopam Mission Registered Trust, Brahmajyoti, Yogiji Marg, Mogri 388 345, Gujarat

I Shri Shantibhai F. Patel hereby declare that the particulars above given are true to the best of my knowledge and belief.

Date : 15 March, 2020

Shantibhai F. Patel
Signature of Publisher



ફરેણીમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ઉદ્‌ઘોષ સ્થાને દર્શન, ધૂન-પ્રાર્થના અર્પણ



ભાદરામાં અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રાગટ્યસ્થાને દર્શન, ધૂન-પ્રાર્થના અર્પણ



પ્રાસાદિક જૂનાગઢ મંદિરે દર્શન... સ્થાનિક સંતો સાથે સાહેબજી અને સંતો-ભક્તો



મહુવામાં બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજ પ્રાગટ્યસ્થાને દર્શન, ધૂન-પ્રાર્થના, માહાત્મ્યવંદના



આંબરડીમાં બ્રહ્મસ્વરૂપ શ્રી જાગા સ્વામી પ્રાગટ્યસ્થાને દર્શન, ધૂન-પ્રાર્થના અર્પણ



મેવાસામાં બ્રહ્મસ્વરૂપ શ્રી કૃષ્ણજી અદા પ્રાગટ્યસ્થાને દર્શન, ધૂન-પ્રાર્થના અર્પણ



શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રાસાદિક વઢવાણ મંદિરે દર્શન - વંદના



યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારીના વાર્ષિકોત્સવે સાહેબજીનાં આશીર્દાન




ધારીમાં બ્રહ્મસ્વરૂપ યોગીબાપા પ્રાગટ્યસ્થાને ધૂન-પ્રાર્થના અર્પણ




અક્ષરમંદિર, ગોંડલના દર્શનાર્થે પધારેલ સાહેબજી સંગ સંતો-ભક્તો





તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નવનિર્મિત મંદિરજી તથા નૂતન પ્રકલ્પોના દર્શનાર્થે પધારેલ ગુણાતીત જ્યોતનાં સંત બહેનોનાં અભિવાદન-સન્માન





તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં નવનિર્મિત મંદિરજી તથા નૂતન પ્રકલ્પોના દર્શનાર્થે પધારેલ ભક્તિ આશ્રમ-સોખડાનાં સંત બહેનોનાં અભિવાદન-સન્માન

**Regd. News Paper / Air Mail / Book Post** **To,**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-3-20 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

*

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**